અંદાજપત્ર પ્રકાશન નંબર–૫૨

सत्यमेव जयते

ગુજરાત સરકાર

# કામગીરી અંદાજપત્ર

## સને ૨૦૨૩ – ૨૦૨૪

## શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સરકારી મુદ્રણાલય, ભાવનગર.

૨૦૨૩

सत्यमेव जयते

ગુજરાત સરકાર

અંદાજપત્ર પ્રકાશન નંબર–૫૨

# કામગીરી અંદાજપત્ર

## સને ૨૦૨૩ – ૨૦૨૪

## શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સરકારી મુદ્રણાલય, ભાવનગર.
૨૦૨૩

H-1066

© સરકારી મુદ્રણાલય, ભાવનગર

# શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

## આમુખ

વિકાસ કાર્યક્રમોનો સીધો હવાલો સંભાળતાં ખાતાં અને સંગઠનોએ કામગીરી અંદાજપત્ર પદ્ધતિ દાખલ કરવી એવી ભારત સરકારે રચેલા વહીવટી સુધારણા કમિશને ભલામણ કરી હતી. ગુજરાત સરકારે આ ભલામણ સ્વીકારીને અમલમાં મૂકેલ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું કામગીરી અંદાજપત્ર ત્રણ ભાગમાં તૈયાર કરેલ છે.

(ક) પ્રથમ ભાગ કે જે ભાગ-૧ અને ૨ માં વહેંચાયેલ છે. તેમાં ખાતા દ્વારા સંચાલિત તમામ મોટા કાર્યક્રમો અને આગલા વર્ષ/વર્ષોની એકંદર કામગીરીને આવરી લેતી વિસ્તૃત રૂપરેખામાં ખાતાના સંસ્થાકીય માળખાના ઉદ્દેશો દર્શાવવામાં આવે છે.

(ખ) એ પછી કામગીરી અંદાજપત્રનો સૌથી અગત્યનો ભાગ તે "નાણાકીય જરૂરીયાતના કોઠા" આવે છે. જે ને ત્રણ ભાગમાં વહેંચેલ છે.

(૧) વિધાનસભા પાસેથી માંગેલ નાણાંના કાર્યક્રમ અને પ્રવૃત્તિવાર વર્ગીકરણ. આમાં અર્થપૂર્ણ રીતે વર્ગીકૃત કરેલ કામનું પ્રમાણ દર્શાવાય છે.

(૨) વિષયવાર વર્ગીકરણમાં પગાર, પગાર ભથ્થા વગેરે જેવા જુદા જુદા વિષયોમાં વિભાગીય રકમ અથવા આ રકમ જેમાં સહાયક ગ્રાન્ટ વગેરેની વહેંચણી ખર્ચવા માટેની જવાબદાર સંસ્થાઓ દર્શાવે છે.

(૩) નાણાકીય જરૂરીયાતોમાં અંદાજપત્રના જે સદરો હેઠળ આ રકમ દર્શાવી હોય એ સદર દર્શાવે છે.

(ગ) કામગીરી અંદાજપત્રનો ત્રીજો ભાગ, "નાણાકીય જરૂરીયાતની સમજૂતિ" સાથે સંબંધ ધરાવે છે. આ ભાગમાં દરેક પ્રવૃત્તિનો કાર્યબોજ, કાર્યક્રમ, ભૂતકાળની અને વર્તમાન સિધ્ધિઓના કોઠા પત્રકો અને એ પ્રક્રિયામાં સુધારેલ અંદાજપત્ર અને બજેટ અંદાજપત્રમાં નોંધપાત્ર તફાવત અંગે પણ સમજૂતી આપીને વર્ષ દરમ્યાન કરેલ કામ અને આવતા વર્ષ માટેના કામનો લક્ષ્યાંક સ્પષ્ટપણે દર્શાવાય છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને લગતી માંગણી અને કાર્યક્રમો અંગેનું કામગીરી અંદાજપત્ર સને ૨૦૨૩-૨૦૨૪ માટેના વાર્ષિક અંદાજપત્રના પૂરક પ્રકાશન તરીકે વિધાનસભા સમક્ષ રજૂ કર્યું છે.

વિભાગે નાણાં વિભાગના પરામર્શથી અને પોતાના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતાના વડાના સક્રિય સહયોગથી આ કામગીરી અંદાજપત્ર તૈયાર કર્યું છે. નિયંત્રણ હેઠળના ખાતાઓ અને તેની કામગીરી તથા સચિવાલયના વિભાગની કામગીરી અલગ દર્શાવી છે.

સ્થળઃ- ગાંધીનગર
તારીખઃ- ૨૪-૦૨-૨૦૨૩

મુકેશ કુમાર
અગ્ર સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
ગુજરાત સરકાર

# વિષય સૂચિ


| ક્રમાંક | વિષય | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧ | **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ** | |
| | (૧) પ્રસ્તાવના | ૩ |
| | (૨) કાર્યક્રમ અને પ્રવૃત્તિઓનું વર્ગીકરણ | ૬ |
| | (૩) ઉદ્દેશવાર વર્ગીકરણ | ૭ |
| | (૪) નાણાકીય સાધનો | ૮ |
| | (૫) વહીવટી વ્યવસ્થાનો ચાર્ટ | ૯ |
| ૨ | **શહેરી વિકાસ** | |
| | (૧) પ્રાસ્તાવિક | ૧૩ |
| | (૨) કાર્યક્રમ અને પ્રવૃત્તિઓનું વર્ગીકરણ | ૩૬ |
| | (૩) ઉદ્દેશવાર વર્ગીકરણ | ૩૮ |
| | (૪) નાણાકીય જરૂરીયાત | ૪૦ |
| | (૫) નાણાકીય જરૂરીયાતોની સમજૂતિ | ૪૧ |
| | (૬) સહાયક અનુદાન/રોકાણ/લોનની વિગત | ૪૫ |
| ૩ | **શહેરી ગૃહનિર્માણ** | |
| | (૧) પ્રાસ્તાવિક | ૫૫ |
| | (૨) કામગીરીની એકંદર ટૂંકી સમીક્ષા | ૫૬ |
| | (૩) કાર્યક્રમ અને પ્રવૃત્તિઓનું વર્ગીકરણ | ૬૧ |
| | (૪) ઉદ્દેશવાર વર્ગીકરણ | ૬૪ |
| | (૫) નાણાકીય જરૂરીયાત | ૬૫ |
| | (૬) સમજૂતિ | ૬૬ |

# શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

# (ખુદ)

INDEX

# શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું
# સને ૨૦૨૩-૨૦૨૪ ના વર્ષનું કામગીરી અંદાજપત્ર

## પ્રસ્તાવના
## શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ (ખુદ)

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ગામડાઓનું ઝડપી શહેરીકરણ થઇ રહ્યું છે તથા શહેરોના વિકાસ અને વિસ્તૃતિકરણ પણ અત્યંત વેગવંતા બન્યા છે. શહેરોમાં રહેઠાણ અને આયોજિત વિકાસના પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે સમયાનુસાર પુરતું ધ્યાન કેન્દ્રિત કરી શકાય તે દ્રષ્ટિબિંદુથી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગમાં ૧ લી જુલાઇ, ૧૯૮૩ થી કામગીરી કરવામાં આવે છે. આ વિભાગ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણને લગતી બાબતોમાં નીતિ વિષયક નિર્ણય લે છે અને તેના અમલમાં દેખરેખ રાખે છે, માર્ગદર્શન આપે છે તથા હુકમ સ્વરૂપે આદેશો બહાર પાડે છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ અગ્ર સચિવશ્રી(શ.વિ.) અને સચિવશ્રી(હાઉસીંગ અને નિર્મળ ગુજરાત)ના નિયંત્રણ હેઠળ છે. તેમની સહાયમાં ૦૧ સંયુક્ત સચિવ, ૦૩-નાયબ સચિવ, ૦૧-ખાસ ફરજ પરના અધિકારી અને હોદ્દાની રૂએ સંયુક્ત સચિવ (તાંત્રિક), ૦૫-ઉપ સચિવ, ૦૧-નગર નિયોજક મળી વર્ગ-૧ ના કુલ-૧૧ અધિકારીઓ અને ૧૬-શાખા અધિકારીઓ, ૦૧-જુનિયર નગર નિયોજક અને ૦૪- સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ મળી વર્ગ-૨ ના કુલ-૨૧ અધિકારીઓ તથા વર્ગ-૩ ના ૬૮ કર્મચારીઓ અને વર્ગ-૪ના કુલ-૪ કર્મચારીઓ મળી કુલ-૧૦૪નું મહેકમ છે. (તા.૦૧-૧૦-૨૦૨૨ની સ્થિતિએ)

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના વહીવટી અંકુશ હેઠળ નીચે દર્શાવેલ ખાતાના વડાઓ કામ કરે છે.

(૧) મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, ગાંધીનગર.

(૨) કમિશ્નરશ્રી મ્યુનિસિપાલિટી એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર.

(3) નિયામક, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી, ગાંધીનગર.

આ ઉપરાંત નીચે મુજબના મંડળો આ વિભાગના નિયંત્રણ હેઠળ કામ કરે છે.

(૧) ગુજરાત હાઉસીંગ બોર્ડ, અમદાવાદ. (સ્લમ સેલ સહિત)

(૨) ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર.

આ વિભાગ હેઠળ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર વગેરે મળી કુલ-૧૨ શહેરી વિકાસ સત્તામંડળો તથા ભાવનગર, જામનગર, ગાંધીધામ, ભૂજ, ભચાઉ, અંજાર, રાપર વગેરે મળી કુલ-૧૨ શહેરી વિસ્તાર વિકાસ સત્તામંડળો કામ કરે છે. આ ઉપરાંત ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ, ગુજરાત શહેરી વિકાસ મિશન તથા એફોર્ડેબલ હાઉસીંગ મિશન, મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન, ગુજરાત અર્બન લાઇવલીહુડ મિશન કામ કરે છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગને નીચે જણાવેલ વિષયો ફાળવવામાં આવેલ છેઃ-

૧. સ્થાનિક બોર્ડો સાથે સંકળાયેલી બધી બાબતો (રસ્તાઓ સિવાય)

૨. સ્થાનિક સ્વરાજ્ય એટલે કે, સ્થાનિક સ્વરાજ્યના હેતુઓ માટે મહાનગરપાલિકાઓની/ નગરપાલિકાઓની ઈમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટની તથા બીજા સ્થાનિક સત્તામંડળની રચના અને તેમની સત્તા.

૩. (કેન્ટોનમેન્ટમાં ન્યાયાધિકારીઓની નિમણૂંક સિવાય) કેન્ટોનમેન્ટ વિસ્તારોમાં સ્થાનિક સ્વરાજ્ય, એવા વિસ્તારોમાં મકાનો, રહેઠાણોનું નિયમન (ભાડા નિયંત્રણ સહિત) અને ભારતની અંદર આવા વિસ્તારોની આંકણી.

૪. સ્થાનિક સંસ્થાઓને લોન.

૫. ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯.

૬. ગુજરાત મ્યુનિસિપાલીટીઝ એક્ટ, ૧૯૬૩.

૭. ગુજરાત મ્યુનિસિપલ નાણાં વ્યવસ્થા બોર્ડ અધિનિયમ, ૧૯૭૯ નો અમલ અને તેમાંથી ઉપસ્થિત થતી બાબતો.

૮. ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એક્ટ, ૧૯૭૬ અને તેમાંથી ઉપસ્થિત થતી બાબતો.

૯. સ્થાનિક સંસ્થાઓ વસુલ કરતી હોય તે માથાવેરો, વ્યવસાયવેરો, વેપાર, ધંધા અને રોજગાર ઉપરના કર, પશુઓ અને હોડીઓ ઉપરના કર, વર્તમાન પત્ર સિવાયના બીજા માલના ખરીદ અને વેચાણ ઉપરના કર, વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ થતી જાહેર ખબરો સિવાયની જાહેર ખબરો ઉપરના કર.

૧૦. સ્થાનિક વિસ્તારોમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે પ્રવેશતા માલ ઉપર ઉપકર.

૧૧. જમીન અને મકાનો ઉપરના કર (સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ લેતી હોય તે).

૧૨. નગર આયોજનની યોજના.

૧૩. નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું, અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટી.

૧૪. ગાંધીધામ (ડેવલપમેન્ટ એન્ડ કંટ્રોલ ઓન ઈરેકશન ઓફ બિલ્ડિંગ) એક્ટ, ૧૯૫૭.

૧૫. ગુજરાત હાઉસીંગ બોર્ડ એક્ટ, ૧૯૬૧.

૧૬. ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડ એક્ટ, ૧૯૭૩.

૧૭. ગુજરાત હાઉસીંગ બોર્ડ અને ગુજરાત ગંદા વસવાટ નાબૂદી બોર્ડ દ્વારા અમલમાં મૂકાતી ગૃહનિર્માણ યોજનાઓ.

૧૮. ઔદ્યોગિક ગૃહનિર્માણ સહિત, ગૃહનિર્માણ અને ઓછી આવકવાળા જૂથમાં આવતી સહકારી મંડળીઓને મદદ અને ગંદા વસવાટોની નાબૂદી યોજનાઓ, આર્થિક રીતે નબળા જૂથમાં આવતી સંસ્થાઓને મદદ આપવી.

૧૯. (૧) વિભાગના વહીવટી નિયંત્રણ નીચેના બધા રાજ્યપત્રિત અધિકારીઓ અને બીન રાજ્યપત્રિત સરકારી કર્મચારીઓની નિમણૂંકો, પદ-નિયુક્તિઓ, બદલીઓ, બઢતીઓ, વર્તણૂંક, રજા-મંજૂરી, પેન્શન વગેરેને લગતી તમામ બાબતો.

(૨) વિભાગના વહીવટી નિયંત્રણ નીચેના સચિવાલય સંવર્ગના વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓને પેન્શન મંજૂર કરવાને લગતી તમામ બાબતો, અને

(૩) વિભાગના વહીવટી નિયંત્રણ નીચેના વર્ગ-૨ ના અધિકારીઓની રજા મંજૂર કરવાને લગતી તમામ બાબતો.

૨૦. શિક્ષણ ઉપકર.

૨૧. પ્રધાનમંત્રી આવાસ યોજના.

૨૨. વિશ્વબેંક સહાયિત શહેરી વિકાસ પરિયોજના.

૨૩. રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન.

૨૪. કેન્દ્રીય નાણાંપંચ.

૨૫. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના.

૨૬. ગુજરાત માલિકી ફ્લેટ અધિનિયમ, ૧૯૭૩.

સરકારે નિયત કરેલા ધોરણો અનુસાર આ વિભાગ તેના નિયંત્રણ હેઠળ ખાતાના વડાની કચેરીનું નિરીક્ષણ હાથ ધરે છે, અને તેમને સુયોગ્ય વહીવટ માટે માર્ગદર્શન આપવા અને કોઈ ખામી હોય તો એ દર્શાવીને તેમની કામકાજ પધ્ધતિ સુધારવા પુરતું એ સમયસર નિર્દેશન કરે છે.

INDEX

## ભાગ-૨ (અ)
## નાણાકીય જરૂરીયાતો કાર્યક્રમ અને પ્રવૃત્તિઓનું વર્ગીકરણ

(રૂપિયા લાખમાં)

| અનું ક્રમાંક | કાર્યક્રમ અને પ્રવૃત્તિવાર વર્ગીકરણ | મુખ્ય સદર | સને ૨૦૨૧-૨૦૨૨ નો હિસાબ | સને ૨૦૨૨-૨૦૨૩ નો અંદાજ | સને ૨૦૨૨-૨૦૨૩ નો સુધારેલ અંદાજ | સને ૨૦૨૩-૨૦૨૪ નો અંદાજ |
|---|---|---|---|---|---|---|
| | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧. | વિભાગના અધિકારી/ કર્મચારીના પગાર ભથ્થા | ૨૨૫૧-સચિવાલય સામાજિક સેવાઓ | ૫૮૪.૪૫ | ૭૫૫.૬૮ | ૬૦૭.૬૫ | ૯૯૧.૦૬ |
| ૨. | વિભાગના કર્મચારીઓને લોન/સહાય | ૭૬૧૦- સરકારી કર્મચારીઓને લોન અને પેશગીઓ | - | - | - | - |
| | | **કુલઃ-** | **૫૮૪.૪૫** | **૭૫૫.૬૮** | **૬૦૭.૬૫** | **૯૯૧.૦૬** |

# ભાગ-૨ (બ)
## ઉદ્દેશવાર વર્ગીકરણ

(રૂપિયા લાખમાં)

| ક્રમ | સદરના નામ અને ક્રમાંક તેમજ ઉદ્દેશવાર વર્ગીકરણ | | સને ૨૦૨૧-૨૦૨૨ નો હિસાબ | સને ૨૦૨૨-૨૦૨૩ નો અંદાજ | સને ૨૦૨૨-૨૦૨૩ નો સુધારેલ અંદાજ | સને ૨૦૨૩-૨૦૨૪ નો અંદાજ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૦૧૦૧ | અધિકારીઓનો પગાર | ૧૮૪.૮૭ | ૨૫૦.00 | | ૨૩૧.૧૭ |
| ૨ | ૦૧૦૨ | કર્મચારીઓનો પગાર | ૧૪૭.૫૭ | ૨૫૦.00 | | ૨૨૫.00 |
| 3 | ૦૧03 | મોંઘવારી ભથ્થુ | ૬૦.૫૪ | ૧૮૦.00 | | ૧૮૨.0૯ |
| ૪ | ૦૧૦૪ | અન્ય ખર્ચ | ૧.૭૨ | 0.૬૫ | | ૨03.30 |
| ૫ | ૦૧૦૫ | રજા પ્રવાસ રાહત | 0.૨૪ | 0.૫0 | | ૨.00 |
| ૬ | ૦૧૦૬ | તબીબી ખર્ચની ભરપાઇ | 0.૯૨ | 0.0૪ | | ૨.00 |
| ૭ | ૦૧૦૭ | તબીબી ભથ્થુ | 0.૯૨ | 0.૯૮ | | 3.0૮ |
| ૮ | ૦૧૦૮ | બોનસ | 0.૧૪ | 0.૨૧ | ૬0૭.૬૫ | 0.૨0 |
| ૯ | ૦૧૦૯ | રજાનું રોકડમાં રૂપાંતર | ૨૧.૫૨ | ૧૬.00 | | ૧૬.00 |
| ૧૦ | ૦૧૧૦ | ઘર ભાડા ભથ્થુ | ૧૧.૪3 | ૧૧.00 | | ૪૧.૪0 |
| ૧૧ | ૦૧૧૧ | સ્થાનિક વળતર ભથ્થુ | 0.૮0 | ૧.00 | | ૨.03 |
| ૧૨ | ૦૧૧3 | વાહન ભથ્થુ | 3.૧૧ | 3.૨0 | | ૧0.૭૯ |
| ૧3 | ૦૬૦૦ | ઉચ્ચક નાણાકીય સહાય | - | - | | - |
| ૧૭ | ૧૧૦૦ | પ્રવાસ ખર્ચ | ૧.૫૬ | ૧.૫0 | | ૨.00 |
| ૧૮ | ૧300 | કચેરી ખર્ચ | ૧૨૨.૬૮ | 30.00 | | ૬0.00 |
| ૧૯ | 3001 | અન્ય કરાર આધારિત સેવાઓનો ખર્ચ | ૮.૯૯ | ૧0.૬0 | | ૧0.00 |
| | | **કુલઃ-** | **૫૮૪.૪૫** | **૭૫૫.૬૮** | **૬0૭.૬૫** | **૯૯૧.0૬** |

INDEX

# ભાગ-૨ (ક)
## નાણાકીય સાધનો

(રૂપિયા લાખમાં)

| માંગણી ક્રમાંક | મુખ્ય સદર | સને ૨૦૨૧-૨૦૨૨ નો હિસાબ | સને ૨૦૨૨-૨૦૨૩ નો અંદાજ | સને ૨૦૨૨-૨૦૨૩ નો સુધારેલ અંદાજ | સને ૨૦૨૩-૨૦૨૪ નો અંદાજ |
|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૧૦૦ | ૨૨૫૧-સચિવાલય સામાજિક સેવાઓ | ૫૮૪.૪૫ | ૭૫૫.૬૮ | ૬૦૭.૬૫ | ૯૯૧.૦૬ |
| ૧૦૪ | ૭૬૧૦- સરકારી કર્મચારીઓને લોન/ પેશગીઓ | - | - | | |
| | **કુલઃ-** | **૫૮૪.૪૫** | **૭૫૫.૬૮** | **૬૦૭.૬૫** | **૯૯૧.૦૬** |

**નોંધઃ-**

(૧) આ જોગવાઈ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના મહેકમ પરના પગાર અને ભથ્થા અંગેનું ખર્ચ દર્શાવે છે એમાં કચેરી ખર્ચની અને પ્રવાસ ખર્ચની જોગવાઈનો પણ સમાવેશ થાય છે.

(૨) આ ખર્ચમાં સરકારી કર્મચારીઓને મકાનોના બાંધકામ/ખરીદી લોન તેમજ મોટર અને બીજાં વાહનો, પંખા પેશગી, અનાજ ખરીદવાની અને તહેવારોની પેશગી અંગેની જોગવાઈ કરી છે.

### પરિશિષ્ટ-૨ તંત્રનું માળખું

### શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

### વહિવટી માળખું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
વહીવટી માળખુ
શ્રી મુકેશ કુમાર (આઇ.એ.એસ.)
અગ્ર સચિવ
શ્રી રાકેશ શંકર (આઇ.એ.એસ.), સચિવ ( હાઉસીંગ અને નિર્મળ ગુજરાત )

| શ્રી એ.બી.ઝીંઝાલા સંયુક્ત સચિવ (ન.આ.) | | શ્રી બી.એસ. મિસ્ત્રી નાયબ સચિવ **(ફાયર/NULM)** | શ્રી આર.પી.ભોઇ નાયબ સચિવ (સંકલન) | શ્રી તેજસ પરમાર, **IAS** નાયબ સચિવ (હાઉસીંગ અને પ્રોજેક્ટ) | | | | શ્રી મનીષ સી.શાહ નાયબ સચિવ (ન.પા અને બજેટ) | | | | શ્રી એ.બી.ઝીંઝાલા સંયુક્ત સચિવ (શ.વિ.) | | શ્રી પી.કે. દત્તા, ખા. ફ. અ. અને સંયુકત સચિવ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શ્રી વેદાન્ત જોષી ઉપ સચિવ (ન.આ.) (ચાર્જમાં) | | શ્રી કુણાલ ઉપાધ્યાય ઉપ સચિવ (ચાર્જમાં) | સુશ્રી બી.એમ.પરમાર ઉપ સચિવ (ચાર્જમાં) | સુશ્રી બી.એમ.પરમાર, ઉપ સચિવ (હાઉસીંગ) | | | | શ્રી એચ.એમ.પરમાર ઉપ સચિવ (બજેટ) | | | | શ્રી કુણાલ ઉપાધ્યાય ઉપ સચિવ (શ.વિ.),(ચાર્જમાં) | | શ્રી કે.એચ. પટેલ નગર નિયોજક |
| શ્રી વેદાન્ત જોષી સેક્શન અધિકારી (ચાર્જમાં) (હ-શાખા) વિભાગનું મહેકમ રોકડ, રજીસ્ટ્રી, સ્ટોર. | શ્રી જે.એલ. પવાર. સેક્શન અધિકારી, (ચાર્જમાં) (વ-શાખા) શ. વિ. વિ સતા મંડળો ને લગતી તમામ કામગીરી, ન.આ અને મૂલ્યાંકન ખાતાની મહેકમ વિષયક કામગીરી. | શ્રી ટી.એચ.ભાભોર સેક્શન અધિકારી (લ-૧ -શાખા) ફાયર એક્ટ-૨૦૧૩ને સંબંધિત કામગીરી. | શ્રી એન.એમ.મંધરા સેક્શન અધિકારી (ચાર્જમાં) (સ-શાખા) વિભાગના સંકલનને લગતી કામગીરી. | કુ. જયશ્રીબા ઝાલા સેક્શન અધિકારી (થ-શાખા) (ચાર્જમાં) ગુ. હા.બોર્ડ (સ્લમ સેલ સહિત) અને ગૃહ નિર્માણને લગતી કામગીરી. શહેરી ગરીબી આવાસન યોજના | શ્રી બી.પી. પટેલ સેક્શન અધિકારી (થ-૧ શાખા) એફોર્ડેબલ હાઉસીંગ અને સ્વચ્છ ભારત મિશનની નીતિ વિષયક સહિત તમામ કામગીરી | શ્રી એચ.આર. ચૌધરી, (ધ શાખા), (ચાર્જમાં) ગુ.મ્યુફા. બોર્ડ તથા સ્વર્ણિમ, મેટ્રો, એક્ષટર્નલ ફંડિંગ, રેલ્વે ઓવર બ્રીજ અને રેલ્વે અંડર બ્રીજ | શ્રી એચ.આર. ચૌધરી, (ધ-૧ શાખા), નાણાપંચ, સ્માર્ટ સીટી, અમૃત ૨.૦, ગીફ્ટ, ડ્રીમ, એન.આર. સી.પી સંબંધિત કામગીરી | કુ. જયશ્રીબા ઝાલા સેક્શન અધિકારી (બજેટ), બજેટ, આયોજન તથા મોનીટરીંગની કામગીરી અને કામગીરી અંદાજપત્ર | શ્રી આશિષ દેસાઈ સેક્શન અધિકારી (૨-શાખા) નગરપાલિકાઓનું મહેકમ | શ્રી આશિષ દેસાઈ, સેક્શન અધિકારી સેક્શન અધિકારી (૨-૧ શાખા ) (ચાર્જમાં) તપાસ સંબંધિત કામગીરી | શ્રી પી.યુ. મહેતા, સેક્શન અધિકારી, (મ-શાખા) નગરપાલિકા એક્ટ લગતી તમામ કામગીરી, ગેઝેટસ, (ન.પા ના મહેકમ સિવાયની કામગીરી) | શ્રી એસ.એન, કડિયા સેક્શન અધિકારી, (પી-શાખા) મહા નગરપાલિકા ઓને લગતી વહીવટી કામગીરી | શ્રી કે.એલ.ઝાલા, સેક્શન અધિકારી, (પી-૧ શાખા) મહાનગરપાલિકાને લગતી ફરિયાદ, દબાણ, તપાસ અને સફાઈ કામદારોને સંબંધિત કામગીરી | શ્રી વેદાન્ત જોષી, સેક્શન અધિકારી (લ-શાખા) ડેવલપમેન્ટ પ્લાન, ટાઉન પ્લાનીંગ સ્કીમને લગતી બાબતો, ઇમ્પેક્ટ ફી, રેરા એક્ટને લગતી કામગીરી |

# ૧૮. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

તા.૦૧-૧૦-૨૦૨૨ના રોજની સ્થિતિ પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગમાં મંજૂર થયેલ હંગામી તથા કાયમી અધિકારીઓની અને કર્મચારીઓની કુલ સંખ્યા દર્શાવતું પત્રક.

| પે-મેટ્રિક્ષનું લેવલ | પે-મેટ્રિક્ષનું લેવલમાં લઘુત્તમ પગાર | ફીક્સ પગાર | મંજૂર થયેલ મહેકમ | | | | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| ૧૫ | ૧૮૨૨૦૦ | - | ૧ | - | - | - | ૧ |
| ૧૪ | ૧૪૪૨૦૦ | - | ૧ | - | - | - | ૧ |
| ૧૩ | ૧૨૩૧૦૦ | - | ૩ | - | - | - | ૩ |
| ૧૨ | ૭૮૮૦૦ | - | ૪ | - | - | - | ૪ |
| ૧૧ | ૬૭૭૦૦ | - | ૧ | - | - | - | ૧ |
| ૧૦ | ૫૬૧૦૦ | - | ૫ | - | - | - | ૫ |
| ૯ | ૫૩૧૦૦ | - | - | ૧ | - | - | ૧ |
| ૮ | ૪૪૯૦૦ | - | - | ૨૦ | - | - | ૨૦ |
| ૭ | ૩૯૯૦૦ | - | - | - | ૫૩ | - | ૫૩ |
| ૪ | ૨૫૫૦૦ | - | - | - | ૧ | - | ૧ |
| ૨ | ૧૯૯૦૦ | - | - | - | ૧૭ | - | ૧૭ |
| ૨ | - | ૧૯૯૫૦ | - | - | ૧ | - | ૧ |
| IS-3 | ૧૫૭૦૦ | - | - | - | - | ૩ | ૩ |
| | | **કુલ** | **૧૫** | **૨૧** | **૭૨** | **૪** | **૧૧૧** |

INDEX

# શહેરી વિકાસ

# શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

# શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

# કામગીરી અંદાજપત્ર સને ૨૦૨૩-૨૦૨૪

# શહેરી વિકાસ

## ૧. પ્રાસ્તાવિક

### નગરપાલિકાઓ

સને ૨૦૧૧ ની વસ્તી ગણતરી મુજબ રાજ્યની કુલ વસ્તી ૬.૦૪ કરોડ છે. શહેરોમાં વસતા લોકોની કુલ સંખ્યા ૨.૫૭ કરોડની છે જે કુલ વસ્તીના ૪૨.૫૮ ટકા છે. સમગ્ર દેશમાં શહેરી વસ્તીનું પ્રમાણ ૨૭.૭ ટકા છે. તેની સામે ગુજરાતમાં શહેરી વસ્તીનું પ્રમાણ ઉચુ છે. જેથી ગુજરાત રાજ્ય દેશમાં સૌથી વધુ શહેરીકરણ થઇ રહેલા રાજ્યોમાંનું એક અગ્રિમ રાજ્ય છે. છેલ્લા દશકામાં રાજ્યમાં કુલ વસ્તીમાં ૨૭.૧૦ ટકાનો વધારો થયેલ છે તેની સામે શહેરી વસ્તીમાં ૩૭.૩૬ ટકાનો વધારો થયેલ છે. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ના અધિકારક્ષેત્રમાં ૧૫ હજારથી ૩ લાખ સુધીની વસ્તીવાળા શહેરી વિસ્તારોને ૭૪ માં બંધારણીય સુધારા પછી આવરી લેવામાં આવેલ છે. એક લાખ અને તેથી વધુ વસ્તી ધરાવતા નગરને વર્ગ-અ માં મૂકવામાં આવ્યા છે. જ્યારે ૫0000 થી ૧ લાખ સુધીની વસ્તીવાળા નગરને વર્ગ-બ માં મૂકવામાં આવ્યા છે. ૨૫ હજારથી ૫૦ હજાર વસ્તીવાળા નગરને વર્ગ-ક માં મૂકવામાં આવ્યાં છે અને ૨૫ હજારથી ઓછી અને ૧૫ હજારથી વધારે વસ્તીવાળા નગરોને વર્ગ-ડ માં મૂકવામાં આવેલ છે. જે મુજબ અ-વર્ગની ૨૨, બ-વર્ગની ૩૦, ક-વર્ગની-૬૦ અને ડ-વર્ગની ૪૫ ની સંખ્યા મળી કુલ ૧૫૭ નગરપાલિકાઓ અસ્તિત્વ ધરાવે છે.

કમિશ્નરશ્રી, નગરપાલિકાઓનું વહીવટી તંત્ર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ૧લી જુન-૧૯૬૫ થી અસ્તિત્વમાં આવી છે અને પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓની કચેરીઓ, અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા રાજકોટ અને ભાવનગરની કચેરીઓ ૧૩મી એપ્રિલ-૨૦૧૮ થી અસ્તિત્વમાં આવી છે. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ની જોગવાઈઓને લક્ષમાં લઈને કમિશ્નર કચેરી નગરપાલિકાઓ તથા પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓની કચેરીઓ નગરપાલિકાઓના રોજબરોજના વહીવટમાં અને તેમના વિકાસમાં વેગ લાવવા માટે સહાય તેમજ માર્ગદર્શન આપે છે તેમજ દેખરેખ રાખે છે.

ગુજરાત રાજ્યમાં કુલ-૧૫૭ નગરપાલિકાઓ આવેલી છે. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ ની જોગવાઈઓને આધીન રહીને નગરપાલિકાઓ પર સીધેસીધા નિયંત્રણ, નિયમન અને વહીવટી દેખરેખની જવાબદારી પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ સંભાળે છે. નગરપાલિકાઓને તેમના પ્રશ્નોના નિકાલ માટે અને અનુદાનો મેળવવાની પ્રક્રિયા માટે વહીવટી સરળતા અને સુગમતા રહે અને નગરપાલિકાઓના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ થાય તે દ્રષ્ટિબિંદુને ધ્યાનમાં રાખીને પ્રાદેશિક કચેરીઓ, અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ અને ભાવનગર ખાતે શરૂ કરવામાં આવેલ છે.

### મહાનગરપાલિકાઓ

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર એમ આઠ શહેરોમાં મહાનગરપાલિકાઓ છે. તેનો વહીવટ ચૂંટાયેલી સામાન્ય સભા સમિતિઓ તેમજ મ્યુનિસિપલ કમિશ્નર, ગુજરાત

પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ ની જોગવાઈઓ દ્વારા કરે છે. મહાનગરપાલિકાઓને શહેરના નાગરિકોના કલ્યાણ માટે વિવિધ વિકાસ કાર્યો કરવાના હોય છે.

### ગુજરાત મ્યુનિસિપલ નાણાં બોર્ડઃ-

નગરપાલિકાઓના નાણાકીય સાધનો સંગીન બનાવવાના અને પોતાના વિસ્તારોમાંની વિકાસ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાના હેતુ માટે ગુજરાત નગરપાલિકા નાણાં બોર્ડની સરકારે સ્થાપના કરી છે. નગરપાલિકાઓના મહેસુલી અને નાણાકીય વહીવટમાં કાર્યક્ષમતા, કરકસર અને શિસ્ત હોય એ આવશ્યક છે. આ હેતુ માટે નગરપાલિકાઓએ નાંખેલા કરવેરા પૂરેપૂરા વસુલ કરીને પોતાના નાણાકીય સાધનોનો સંપૂર્ણ રીતે ઉપયોગ કરી શકે તે માટે જરૂરી માર્ગદર્શન પણ બોર્ડ પુરુ પાડે છે.

સને ૧૯૭૯ ના ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ અધિનિયમની જોગવાઈઓ પ્રમાણે તા.૨૪/૯/૭૯ થી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડની સ્થાપના થયેલ છે. અધિનિયમની કલમ-૧૪ અન્વયે નિયત થયેલ બોર્ડની ફરજો અને કાર્યો નીચે પ્રમાણે છે

(૧) શહેરી સ્થાનિક સત્તામંડળોને મનોરંજન કરની રકમમાંથી સહાયક અનુદાનની વહેંચણી કરવી તથા લોન આપવી.

(૨) શહેરી સ્થાનિક સત્તામંડળોને આવક વધારવા માટેના ઉપાયો અને સાધનો વિષે તથા ફરજો બજાવવા માટે થતા ખર્ચની પદ્ધતિ અંગે સલાહસૂચનો આપવા.

(3) શહેરી સ્થાનિક સત્તામંડળોને સામાન્યતઃ અથવા વ્યકિતગત રીતે કરવેરાની આકારણી.

(૪) સ્થાનિક સત્તામંડળોના હિતાર્થે કોઈપણ બાબત સરકારશ્રી બોર્ડને સોંપે તો તે અંગે ભલામણ કરવી.

### નગર આયોજન અને મૂલ્યાંકન ખાતું

### નગર આયોજન

નગર આયોજન અને મુલ્યાંકન ખાતું સને ૧૯૧૫ ના વર્ષ થી અસ્તિત્વમાં આવેલ છે, અને સને ૧૯૬૦ માં અલગ ગુજરાત રાજ્ય ની રચના થયા પછી પણ કાર્યરત છે. મુંબઈ નગર આયોજન ધારો -૧૯૫૪ અને ત્યાર બાદ સદર ધારાની જગ્યાએ આવેલ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળની જોગવાઈઓને અનુરૂપ ફરજો આ ખાતું સ્થાનિક સંસ્થાઓ સાથેના સાથ સહકાર સાથે બજાવે છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈ હેઠળ જુદા જુદા નગર/શહેરોની વિકાસ યોજનાઓ અને વિગતવાર નગર રચના યોજનાઓ તૈયાર કરી રાજ્યમાં નગર આયોજનને ઉત્તેજન આપવું, તેના અમલ અંગે સલાહ આપવી, મહાનગર વિષયક પ્રાદેશિક નકશાઓ, ટ્રાફિક અને વાહન વ્યવહારના અભ્યાસ અહેવાલ તેયાર કરવા, બિનખેતી વિષયક પરવાનગી આપવામાં અને રેખાંકન મંજુર કરવામાં કલેકટરશ્રીઓ/જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તેમજ સ્થાનિક સંસ્થાઓ સાથે વિચારણા કરી તેમના વિસ્તારના ભૌતિક વિકાસ નકશાઓ ઉપર નિયંત્રણ રાખવાનુ તથા પ્રાદેશિક/પેટા પ્રાદેશિક નકશાઓ તૈયાર કરવાનું તથા આયોજન કરવાનું છે.

અમદાવાદ, વડોદરા, સુરત રાજકોટ, જુનાગઢ અને ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળો તથા જામનગર, ભાવનગર, રાપર, અંજાર, ભુજ, ભચાઉ, અંબાજી, અંલગ, કેવડીયા તથા તમામ વિસ્તાર વિકાસ સત્તામંડળોને આ ખાતું ગુજરાત નગર રચનાઅને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈઓ મુજબ સલાહ આપે છે. તેમજ વિસ્તાર વિકાસ સત્તામંડળ તરીકે મુકરર થયેલ સ્થાનિક સત્તામંડળોને પણ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઈ હેઠળ સલાહ-સૂચન આપે છે. ઉપરાંત મંજુર થયેલ વિકાસ યોજના અને નગર રચના

યોજનાઓની દરખાસ્તોના અમલ માટે સ્થાનિક સંસ્થાઓને પ્રોત્સાહિત કરવા આ ખાતા દ્વારા અનુદાન આપવાની કામગીરી પણ કરવામાં આવે છે.

શહેરોના વિકસિત વિસ્તારોની આસપાસ પણ સમુચિત સત્તામંડળોના કાર્યક્ષેત્ર બહારના વિસ્તારો માટે લેન્ડ રેવન્યુ નિયમ-૪૭ હેઠળના વહીવટી હુકમ-૨૪/અ મુજબ બ્રોડ લે-આઉટ બનાવવાની કામગીરી તથા સરકારી માલીકીની જમીનોના લે-આઉટ બનાવવાની કામગીરી પણ કરવામાં આવે છે. સરકારી/સરકારનું હિત હોય તેવી જમીનો માટે મૂલ્યાંકન અન્દાજવાની કામગીરી કરવામાં આવે છે.

મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી દ્વારા કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારની પોલીસી અને નીતિઓના અમલીકરણ જેવા કે, ઓન લાઇન વિકાસ પરવાનગી પ્રાપ્ત થાય તે હેતુથી સમગ્ર રાજ્યમાં ઓન લાઈન ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમ વિકસાવવાનું, કચેરી પાસે ઉપલબ્ધ રેકર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન જી.આઇ.એસ. ડેટા બેઈઝનાં ટ્રાન્સફર કરવાનું, અમૃત યોજના અંતર્ગત જી.આઇ.એસ. ડેટા બેઈઝનાં નકશાઅને માળખાનું સંકલન કરવાનું, સમગ્ર રાજ્યમાં કોમ્પ્રીહેન્સીવ જીડીસીઆર તૈયાર કરીને સરકારશ્રીમાં રજૂ કરવાનું અને અલગ અલગ નીતિ વિષયક માર્ગદર્શનમાં સરકારશ્રીમાં અભિપ્રાય પાઠવવાની કામગીરી કરવામાં આવે છે.

આ ખાતાના વડા મુખ્ય નગર નિયોજકશ્રી છે. અને ખાતાની વડી કચેરી ગાંધીનગર ખાતે છે. મુખ્ય નગર નિયોજકશ્રીની દેખરેખ હેઠળ અધિક મુખ્ય નગર નિયોજકશ્રીની કક્ષાના અધિકારીઓ ફરજ બજાવે છે. જે તે જીલ્લાની જીલ્લા કક્ષાની કુલ-30 શાખા કચેરીઓ છે. તમામ કચેરીઓની વિગત નીચે મુજબ છે.

| અનું | કચેરીનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | વડી કચેરી,ગાંધીનગર | ૧ |
| ૨ | શાખા કચેરીઓ | 30 |
| 3 | નગર રચના યોજનાની કચેરીઓ | ૧૮ |
| | **કુલ** | **૪૯** |

| અ.નં. | કચેરીનું નામ | કચેરીના વડાનો હોદો | કચેરી કયા જીલ્લાઓ માટે કામ કરે છે. |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | અમદાવાદ |
| ૨ | મહેસાણા શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | મહેસાણા |
| 3 | હિંમતનગર શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | સાબરકાંઠા |
| ૪ | પાલનપુર શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | બનાસકાંઠા |
| ૫ | પાટણ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | પાટણ |
| ૬ | વડોદરા શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | વડોદરા |
| ૭ | નડીયાદ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | ખેડા |
| ૮ | ભરૂચ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | ભરૂચ, |
| ૯ | ગોધરા શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | ગોધરા |
| ૧૦ | સુરત શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | સુરત, |
| ૧૧ | વલસાડ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | વલસાડ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | નવસારી શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | નવસારી |
| ૧૩ | આણંદ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | આણંદ |
| ૧૪ | રાજકોટ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | રાજકોટ |
| ૧૫ | સુરેન્દ્રનગર શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | સુરેન્દ્રનગર |
| ૧૬ | જામનગર શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | જામનગર |
| ૧૭ | ભાવનગર શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | ભાવનગર |
| ૧૮ | જુનાગઢ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | જુનાગઢ |
| ૧૯ | ભુજ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | કચ્છ |
| ૨૦ | અમરેલી શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | અમરેલી |
| ૨૧ | ગાંધીનગર શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | ગાંધીનગર |
| ૨૨ | પોરબંદર શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | પોરબંદર |
| ૨૩ | નર્મદા શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | નર્મદા |
| ૨૪ | ડાંગ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | ડાંગ |
| ૨૫ | દાહોદ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | દાહોદ |
| ૨૬ | તાપી શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | તાપી |
| ૨૭ | મોડાસા શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | અરવલ્લી |
| ૨૮ | મહીસાગર શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | મહીસાગર |
| ૨૯ | મોરબી શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | મોરબી |
| 30 | બોટાદ શાખા | નગર નિયોજક,વર્ગ-૧ | બોટાદ |

ઉપરાંત અમદાવાદ, ઉઝા, કડી, નડિયાદ, આણંદ, વડોદરા, સુરત, નવસારી, વલસાડ, રાજકોટ, ગોંડલ, જામનગર, જુનાગઢ, ભાવનગર, ભચાઉ, અંજાર વિગેરે સ્થળોએ જુદા જુદા વિસ્તારોની જુદી જુદી નગર રચના યોજનાને આખરી સ્વરુપ આપવા નિમાયેલ નગર રચના અધિકારીઓની ૧૭ જેટલી કચેરીઓ છે. વધુમાં સમુચિત સત્તામંડળોને ટેકનીકલ બાબતો માટે મદદ કરવા જે તે સત્તામંડળો મહાનગરપાલિકાઓ નગરપાલિકાઓની જરૂરીયાત તથા ખાતામાં અધિકારી/કર્મચારીઓની ઉપલબ્ધતા ઘ્યાને લઈ ખાતાના અધિકારી/કર્મચારીઓને જે તે સંસ્થાઓમાં પ્રતિનિયુકિત ઉપર કે લોન સેવા ઉપર મોકલવામાં આવે છે. સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્ર મહેસુલ વિભાગ ગાંધીનગર ની એવોર્ડ શાખા, નર્મદા અને જળ સંપતિ વિભાગ વિગેરેમાં પણ ખાતાના અધિકારી/કર્મચારીઓ લોન/પ્રતિનિયુકિતથી સેવાઓ આપે છે.

૧.૧ ખાતાની ફરજો, કામગીરી અને વહીવટી માળખું:-

નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ, ગુજરાત રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે. આ ખાતુ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈઓ હેઠળની કામગીરી કરે છે. આ ખાતાની કાર્યવાહી નગર આયોજન અને મુલ્યાંકન એમ બે મુખ્ય ભાગોમાં વહેંચાયેલી છે. નગર આયોજન અને મુલ્યાંકનની ફરજો એક બીજા ઉપર પારસ્પરિક આધારિત છે.આ ખાતુ મુખ્યત્વે નીચે જણાવેલ કામગીરી કરે છે.

૧. નગર આયોજન ધારાની જોગવાઈઓ હેઠળ મુસદ્દારૂપ વિકાસ યોજનાઓ તૈયાર કરવી અને વિકાસ યોજનાને લગતી સર્વે કાર્યવાહી કરવી.

૨. મુસદદારુપ નગર રચના યોજનાઓ તૈયાર કરવી અને મંજુર થયેલી મુસદદારુપ નગરરચના યોજનાને અંતિમ સ્વરુપ આપવાની નગર આયોજન અધિકારીઓ મારફત કાર્યવાહી કરવી .

૩. શહેરી વિસ્તારો અને વિકાસ પામતા વિસ્તારોમાં આવેલી સરકારી જમીનોનું મુલ્યાંકન કરી આપવું.

૪. જમીન સંપાદન ધારા હેઠળ સંપાદન કરવાની થતી જમીનોમાં મુલ્યાંકન અહેવાલ તૈયાર કરવા.

૫. અર્ધ સરકારી સંસ્થાઓને જમીન વેચાણ કે ખરીદી વખતે બી.સી.એસ.આર.-૩૬૦/બી નીચે ઠરાવેલ ફી લઈને વેલ્યુએશનમાં માર્ગદર્શન આપવું.

૬. પ્રોબેટ ટેક્ષ માટેની મિલકતોમાં જમીનોની કિંમત નકકી કરી આપવી.

૭. નગરપાલિકાઓના વિસ્તારોમાં આવતા સરકારી મકાનોનાં હાઉસ ટેક્ષના હેતુ માટે આકારણી કરવી.

૮. વિકાસ યોજના અને નગર રચના યોજનાઓની દરખાસ્તોના અમલીકરણ માટે યુ.ડી.પી. હેઠળ ફાળવવાની ગ્રાન્ટની વહેંચણી આ ખાતા મારફતે થાય છે.

૯. લેન્ડ રેવન્યુ રુલ્સના નિયમ ૪૭ હેઠળના વહીવટી હુકમ નં: ૨૪-એ ની જોગવાઈઓ હેઠળ બ્રોડ લે-આઉટ કરવા અને અન્ય લે-આઉટ બનાવી આપવા.

૧૦. જમીનની બીનખેતીના હેતુ માટેના પ્રકરણોમાં લે-આઉટની ચકાસણી કરી નકશા મંજુર કરવા.

૧૧. મંજુર થયેલ નગર રચના યોજનાઓના કસ્ટોડીયન તરીકે આ ખાતુ કામગીરી સંભાળે છે.

૧૨. શહેરીકરણને લીધે વધતા શહેરના ટ્રાફિકના પ્રશ્નો અંગેની સમિતિમાં આ ખાતું ભાગ લે છે અને યોગ્ય માર્ગદર્શન આપે છે.

૧૩. ખાતામાંથી જુદી જુદી તાલીમ માટે અધિકારીઓ/કર્મચારીઓને મોકલવામાં આવે છે.

૧૪. આયોજન ક્ષેત્રે આ ખાતાનું સંશોધન એકમ વિવિધ કામગીરી કરે છે ઉપરાંત ખાતાની સર્વગ્રાહી કામગીરીને લગતો વાર્ષિક વહીવટી અહેવાલ પ્રસિધ્ધ કરે છે.

૧૫. ખાતાનું લીગલ યુનીટ રાજ્યની વડી અદાલતમાં અને દેશની સર્વોચ્ચ અદાલતમાં ઉપસ્થિત થતા કાયદાકીય કેસોમાં સરકારશ્રી વતી કામગીરી કરે છે.

૧૬. પ્રાદેશિક તથા પેટા પ્રાદેશિક નકશાઓ (સબ રીજીયોનલ પ્લાન) બનાવડાવી આયોજન કરવું.

૧૭. રિમોટ સેન્સીંગ અને જી.આઈ.એસ. જેવી આધુનિક ટેકનોલોજીનાં ઉપયોગ દ્વારા શહેરી જમીન પુનઃસીમાંકન યોજના તકનીક કેન્દ્ર ગાંધીનગર ખાતે બનાવડાવી સમગ્ર રાજ્યની શહેરી જમીનનું માળખાકીય આયોજન હાથ ધરવાની કાર્યવાહી ચાલુમાં છે. જે (AMRUT) Atal Mission for Rejuvenation and Urban Transformation Programme અંતર્ગત ગુજરાતના ૩૧ શહેરો પસંદગી પામેલ છે. જેની જી.આઈ.એસ. બેઈઝડ વિકાસ નકશા તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરેલ છે તથા AMRUT શહેરો ઉપરાંતના ગુજરાત રાજ્યના બાકી રહેતા NON AMRUT શહેરો માટે પણ જી.આઈ.એસ. બેઈઝડ વિકાસ નકશા તૈયાર કરવાની કામગીરી ચાલુ છે. સમગ્ર રાજ્યમાં બાંધકામ પરવાનગીમાં એકસૂત્રતા લાવવા માટે સરકાર દ્વારા તા.૧૨/૧૦/૨૦૧૭ના રોજ કોમ્પ્રીહેન્સીવ જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન તૈયાર કરવામાં આવેલ છે તથા ઓનલાઈન ડેવલપમેન્ટ પરમીશન સિસ્ટમ તા.૦૧/૦૫/૨૦૧૮થી રાજ્યમાં કાર્યરત છે.

વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૦ દરમ્યાન અરજદારોના અભિપ્રાયોને ધ્યાને લઇને ઓનલાઇન ડેવલપમેન્ટ પરમીશન સિસ્ટમ ૨.૦ રાજ્યમાં લાગુ છે. અને બાહ્ય NOC જેવીકે National Monument Authority અને Apriort Authority of India સાથે સંકલન કરીને પોર્ટલ વિકસિત કરવાની કામગીરી કરવામાં આવનાર છે.

**૧.૨ ખાતાની નાણાંકીય તથા ભૌતિક સિ -**

(અ) વિકાસ યોજના/નગર રચના યોજનાની ભૌતિક પ્રગતિ :

| અ. નં. | વિગત | ૨૦૧૯-૨૦ | ૨૦૨૦-૨૧ | ૨૦૨૧-૨૨ | એપ્રિલ-૨૦૨૨ થી ડીસેમ્બર-૨૦૨૨ સુધી. | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સરકારશ્રીએ મંજુર કરેલ વિકાસ યોજનાની સંખ્યા | ૬ | ૧૧ | ૬ | ૦ | ૨૩ |
| ૨ | સરકારશ્રીએ મંજુર કરેલ મુસદારુપ નગર રચના યોજનાની સંખ્યા | ૨૯ | 30 | ૨૦ | ૨૨ | ૧૦૧ |
| 3 | સરકારશ્રીએ મંજુર કરેલ પ્રિલિમીનરી નગર રચના યોજનાની સંખ્યા | ૪૦ | ૧૯ | ૦૬ | ૨૨ | ૮૭ |
| ૪ | સરકારશ્રીએ મંજુર કરેલ ફાઇનલ નગર રચના યોજનાની સંખ્યા | ૩૧ | ૫૧ | ૨૧ | ૦૧ | ૧૦૪ |

**ભાવિશહેરી વિકાસનુ આયોજન અને અમલીકરણ.**

રાજ્યમાની શહેરી આયોજનની કામગીરીમા અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવાના ભાગ રૂપે શહેર આયોજનની વિવિધ કામગીરી સાથે સંકળાયેલી કચેરીઓમા કોમ્પ્યુટીકરણ કરી તેના મારફતે જી.આઇ.એસ તથા અમૃત યોજના દ્વારા રાજ્યમા સુઆયોજીત વિકાસ કરવાનો પણ ઉદ્દેશ છે. વધુમાં નગર રચના યોજના જાહેર જનતા ઓનલાઇન જોઈ શકે તે માટે સિંગલ પ્લેટફોર્મ બનાવેલ છે. જેમાં હાલ ગુગલ ઈમેજ સાથે ૪૦૦ નગર રચના યોજના ખાતાની વેબસાઈટ પર ઉપ્લબ્ધ છે તથા વર્ષના અંત સુધીમાં વધુ ૪૭૫ ટીપી સ્કીમોને ડિઝીટલાઈઝેશન કરી વેબ પોર્ટલ પર મુકવા અંગેનો ઉદ્દેશ છે.

રાજ્યમાના વિવિધ શહેરી/વિસ્તાર વિકાસસત્તામંડળો તથા નગરપાલિકા, ગ્રામ પંચાયતને તેમના જે તે નગરના આયોજન માટે પ્રોત્સાહન મળે તે માટે વિકાસ યોજનાની દરખાસ્તો અને નગર રચના યોજનાની દરખાસ્તોના અમલીકરણ માટે થયેલ ખર્ચની સામે ૫૦ ટકા રકમ સુધી તેમજ મહેકમ ખર્ચની સામે ૭૫ ટકા સુધીની રકમ રાજ્ય સરકારના ફાળા પેટે સહાયક અનુદાન આપી રાજ્યમા શહેરો/નગરોનો સુઆયોજીત વિકાસ કરવાનો ઉદ્દેશ છે.

રાજ્યના શહેરી વિકાસને ધ્યાને લેતા આયોજનબદ્ધ વિકાસ માટે સંકલિત વિનિયમો સ્વરૂપે Comprehesnvie General Developmnet Control Regulation – 2017 (CGDCR-2017) તૈયાર કરી તા.૧૨/૧૦/૨૦૧૭ થી લાગુ કરવામાં આવેલ. હાલમાં "Tall Building" નાં Regulations ને CGDCR-2017 માં સમાવિષ્ટ કરવામાં આવેલ જેનાં અનુસંધાને Residential Township વિસ્તારમાં આઇકોનિક ઈમારતનાં

બાંધકામની સુવિધા માટે "Tall Building" નાં Regulations ની જોગવાઈનો સમાવેશ કરીને તાજેતરમાં Residential Township Plicy -2009 માં પણ સુધારો કરવામાં આવેલ છે.

નગર આયોજન અને મૂલ્યાંકન ખાતામાં ફરજ બજાવતા અધિકારી/ કર્મચારીશ્રીઓને સરદાર પટેલ લોક પ્રસાસન સંસ્થા (સ્પીપા) દ્વારા આયોજિત વિવિધ વહીવટીય વિષયોને લગતી તાલીમમાં તેમજ Gujarat Institute of Disaster Management (GIDM) દ્વારા આયોજિત તકનિકી વિષયોને લગતી તાલીમમાં ભાગ લેવા મોકલવામાં આવે છે. વધુમાં GIS Based વિકાસ યોજનાનાં નકશા તૈયાર કરવા માટે અગાઉ Indian Institute of Remote Sensing (IIRS), દહેરાદૂન દ્વારા આયોજિત તાલીમમાં મોકલવામાં આવેલ છે.

તા.૦૧/૦૫/૨૦૧૮ થી રાજ્યમાં Online Development Permission System (ODPS) લાગુ કરેલ, જે અન્વયે બાંધકામ પરવાનગી ઝડપી થા પારદર્શકતા સાથે નિયસ મચમર્યાદામાં મળી રહે તે હેતુથી Online Development Permission System -2.0 (ODPS-2.0) તા.03/૧૨/૨૦૨૦ થી અમલમાં આવેલ છે. આમ, આ યોજના અંતર્ગત આવરી લેવાયેલ ઉપરોકત વિષયો માટે નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે કુલ રૂ.૩૫૯૩.૮૮ લાખની જોગવાઈ સૂચવવામાં આવે છે.

મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી તથા નગર આયોજન અને મુલ્યાંકન ખાતાની વિભાગીય કચેરીઓના અધિકારી/ કર્મચારી વર્ગનો સારાંશ નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | અધિકારી | કર્મચારીઓ | સરવાળો |
|---|---|---|---|---|
| ૧ | તા.૧/૧૦/૨૦૧૮ ની સ્થિતિએ | ૧૫૫ | ૯૩૬ | ૧૦૯૧ |
| ૨ | તા.30/૧૧/૨૦૧૯ ની સ્થિતિએ | ૧૫૦ | ૯૧૨ | ૧૦૬૨ |
| ૩ | તા.૨૯/૦૧/૨૦૨૧ ની સ્થિતિએ | ૧૮૦ | ૪૬૭ | ૬૪૭ |
| ૪ | તા.૨૪/૦૧/૨૦૨૨ ની સ્થિતિએ | ૧૭૨ | ૩૮૮ | ૫૬૦ |
| ૫ | તા.૧૨/૦૧/૨૦૨૩ની સ્થિતિએ | ૧૧૨ | ૩૧૭ | ૪૨૯ |

નગર આયોજન અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ અન્વયે નગર રચના અધિકારી તરીકે આ ખાતામાં અધિકારીઓ નીમવામાં આવે છે. નવી નગર રચના યોજનાઓની મંજુરી મળવાથી તથા તે મુજબની જૂની નગર રચના યોજનાઓની કામગીરી પૂર્ણ થઇ એવોર્ડ થવાથી કચેરીઓની તબદીલી તેમજ ખાતાની કચેરીઓનું પુનઃ ગઠન તથા તથા સરકારશ્રીની વખાતોવખતની નીતિના કરાયેલ અમલ મુજબ ઉપયુક્ત સ્ટાફની સંખ્યામાં ફેરફાર થયેલ છે.

**અગ્નિશમન સેવાઓ.**

ગુજરાત રાજ્યમાં ઔદ્યોગિક અને આર્થિક વિકાસ ઘણો ઝડપી થઈ રહેલ છે. રાજ્યમાં રહેણાંક,વાણિજ્યક તેમજ ઔદ્યોગિક હેતુઓ માટે બાંધકામની પ્રવૃત્તિ વધી રહેલ છે. હાલમાં રાજ્યમાં અગ્નિશમન સેવાઓ જુદી જુદી એજન્સીઓ દ્વારા ચલાવવામાં આવી રહી છે. અગ્નિશમનને લગતી જોગવાઈઓ સ્થાનિક કાયદાનો ભાગ છે. રાષ્ટ્રીય ઈમારત અધિનિયમ, બાંધકામને લગતા પેટા કાયદા અને બાંધકામો અને જગ્યાઓના વિકાસ પર નિયંત્રણ કરતાં વિનિયમોથી અગ્નિનિવારણ માટેના પગલા અંગેના ઉપકરણો સ્થાપિત કરવા જરૂરી છે. બાંધકામોના વિકાસ પર નિયંત્રણ કરતા વિનિયમો પ્રમાણે અગ્નિનિવારણ સાધનોની જોગવાઈ અને તેને ઈન્સ્ટોલેશનની જોગવાઈ જરૂરી છે. બાંધકામ (મકાન) અથવા જગ્યાનો માલિક અથવા ભોગવટો કરનાર અગ્નિ સલામતીના સાધનો નિભાવ કરશે અને

આગ ફાટી નીકળે ત્યારે આવા ઉપકરણો કામે લાગશે કે કેમ તેની ખાતરી જરૂરી છે. આગ ઓલવવાની વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા માટે, આગ ફાટી નીકળવાના કિસ્સામાં જુદા જુદા સ્ત્રોતો દ્વારા સહાય ઉપલબ્ધ કરાવાની જરૂર છે. આગ હોલાવાની પ્રકિયાને વધુ સરળ બનાવવા, પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે, કર્મચારીઓને પોલિસની સહાયની અને પ્રકિયામાં બાધરૂપ હોય તેવા કૃત્યો થતા અટકાવવાની સત્તાની જરૂર પડે છે.

આથી રાજ્યમાં, આગ ફાટી નીકળતી અટકાવવા તેમજ આગ ફાટી નીકળતા કિસ્સામાં અસરકારક પગલા લેવા માટે,. જીવન અને મિલકતની સલામતી સુનિશ્ચિત કરવા ગુજરાત સરકારે ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી એક્ટ-૨૦૧૩, ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ રૂલ્સ-૨૦૧૪, ગુજરાત ફાયર પ્રિવેન્શન અને લાઈફ સેફ્ટી રેગ્યુલેશન-૨૦૧૬ કરેલ છે. જે અર્થે રાજ્યમાં નિયામક, સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસીસની કચેરી તા.૨૫/૦૮/૨૦૧૫ થી કાર્યરત થયેલ છે. આ કચેરીમાં વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં આ કચેરી માટે વધુ નવી. નાયબ નિયામક (તાંત્રિક), મદદનીશ નિયામક/રીજીયોનલ ફાયર ઓફિસર/પ્રિન્સિપાલ વધુ ૧૬ જગ્યા ઉભી કરવા માટે રૂ. ૫૯ લાખની નવી બાબત તરીકે જોગવાઇ કરવામાં આવેલ છે.

નિયામક, સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસીસના તાબા હેઠળ છ (૦૬) રીજીયોનલ ફાયર ઓફિસરશ્રીની કચેરી જેમાં વડોદરા, ગાંધીધામ, રાજકોટ, ગાંધીનગર અને સુરત, ભાવનગર અને અમદાવાદનો સમાવેશ કરેલ છે. આ ૬(છ) રીજીયોનલ ફાયર પ્રિવેન્શન કચેરી માટે કુલ ૨૫ જગ્યાઓ જેવી કે રીજીયોનલ ફાયર ઓફિસરશ્રી વર્ગ-૧, આસીસ્ટન્ટ ટેકનિકલ વર્ગ-3, નાયબ એકાઉન્ટન્ટ વર્ગ-3, ક્લાર્ક વર્ગ-3, ટેલિફોન ઓપરેટર વર્ગ-3 ની જગ્યાઓ મંજુર કરેલ અને સને ૨૦૧૯-૨૦૨૦ના અંદાજપત્રમાં આ કચેરીઓ માટે વધુ જગ્યાઓ જેવી કે, ડેપ્યુટી રીજીયોનલ ફાયર ઓફિસર, આસિસ્ટન્ટ (ટેકનિકલ), સિનીયર કલાર્ક, ફાયર મેન કમ ડ્રાઈવર વગેરે મળી કુલ ૨૫ નવી જગ્યા ઉભી કરેલ છે.

ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ ૨૦૧૩ ની કલમ ૧૭ ની જોગવાઇ મુજબ રાજ્ય કક્ષાએ રાયસણ ખાતે આવેલ જી.આઈ.ડી.એમ કેમ્પસમાં ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાયર સેફ્ટી ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવા માટે જરૂરી મહેકમ, વાહનો/સાધનો અને બાંધકામ તેમજ કન્ટીજન્સી ખર્ચ માટે જોગવાઇ કરવામાં આવેલ છે.

નિયામક, રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓના તાબા હેઠળ ૩૨ વિભાગીય કચેરીના વડા મથક ખાતેની નગરપાલિકા અને તે સિવાયની નગરપાલિકામાં અગ્નિશમન સેવાઓને સુદ્રઢકરવા માટે સાધનો/વાહનો ખરીદી પુરા પાડવામાં આવે છે. જેમાં હાલ અલ્ટ્રા હાઈપ્રેશર મીની ફાયર ટેન્ડર નંગ-૨૪, ઈમરજન્સી રેસ્ક્યુ વ્હીકલ નંગ-૩૨, વોટર બાઉઝર નંગ-૪૫ની ખરીદી કરેલ છે. જેમાંથી અલ્ટ્રા હાઈ પ્રેશર મીની ફાયર ટેન્ડર અને વોટર બાઉઝર નગરપાલિકા/મહાનગરપાલિકાને ફાળવેલ છે. ઈમરજન્સી રેસ્ક્યુ વ્હીકલ નંગ-૩૨ ટુંક સમયમાં ફાળવવામાં આવશે. ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ ૨૦૧૩ના અમલીકરણ માટે ૩૨ અગ્નિ શમન વિભાગોની રચના કરવામાં આવેલ છે જેનાં વડા મથક ખાતેની નગરપાલિકાના ફાયર સ્ટેશનો માટે નવી ૬૭૨ જગ્યા ભરવા નવી બાબત તરીકે જોગવાઇ કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ હેઠળની ૦૬ પ્રાદેશિક ફાયર કચેરી તેમજ ૦૮ મહાનગરપાલિકાઓના ફાયર વિભાગ દ્વારા રાજ્યમાં આવેલી બિલ્ડીંગો, હોસ્પિટલો, સ્કૂલો વગેરેમાં ઈન્સપેક્શન કરી ફાયર સેફ્ટી સર્ટીફિકેટ (એન.ઓ.સી) ઈશ્યુ કરવાની કામગીરી કરવામાં આવે છે. ફાયર સેફ્ટી ઓફિસરનું એનરોલમેન્ટ, તાલીમ તથા ફાયર સેફ્ટી સર્ટીફિકેટની ઓનલાઈન ઈસ્યુ કરવા તથા રીન્યુઅલ માટેની પ્રક્રિયા માટે Fire Safety COP પોર્ટલ ડેવલોપ કરવાની કામગીરી ચાલુમાં છે. આમ, ફાયર સેફ્ટી સર્ટીફિકેટ આપવાની તથા

ઈસ્યુ કરવાની સમ   પ્રક્રિયા ડીઝીટાઈઝ કરવામાં આવશે. જેથી અરજદારો કચેરીએ આવવાનો બદલે ઓનલાઈન અરજી કરી સર્ટીફિકેટ મેળવી શકશે.

આ યોજના માટે સને ૨૦૨૨-૨૩ ના વર્ષમાં આ સદર હેઠળ રૂા. ૪૫૮૭.૪૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે સને ૨૦૨૩-૨૪ના વર્ષમાં રૂા. ૧૩૮૮.૨૧ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

**મનોરંજન કરની ગ્રાન્ટ:-**

તા. ૦૧/૦૭/૨૦૧૭થી જી.એસ.ટી.નો અમલ થવાથી મનોરંજન કર નાબુદ થયેલ છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં આ સદર હેઠળ રૂા. ૨.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂા.૧.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**નગરપાલિકાઓની સુશાસન યોજના:-**

સંસ્થાઓના દ્રષ્ટિકરણ અને સારા વહીવટના પ્રયત્નોને યોગ્ય દિશા આપવા આ યોજના ઘડવામાં આવેલ છે. આ યોજનાના ઉદ્દેશો (૧) ચૂંટાયેલા હોદ્દેદારો અને સરકારી કર્મચારીઓની કાર્યક્ષમતાના વિકાસ માટે આવડત સુધારણા કાર્યક્રમની તાલીમ આપી, શહેરી વહીવટ સુધારવો (૨) લોકજાગૃતિ કાર્યક્રમ યોજના (૩) આઈસી મટીરીયલનો વિકાસ (૪) નગરપાલિકાઓની નાણાકીય સ્થિતિ, વહીવટ અને યોજનાના વિકાસની કામગીરીમાં સારી કામગીરી માટે પ્રોત્સાહક ઈનામની યોજના (૫) નીતિ વિષયક બાબતોનો અભ્યાસ.

આ યોજના માટે સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે આ સદરે રૂા.૨૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે સને ૨૦૨૩-૨૪ના વર્ષ માટે રૂા.૨૦૦.૦૦ લાખની જોગવાઈ સૂચવેલ છે.

**૫૦ ટકા વ્યવસાયિક કર માટે મહાનગરપાલિકાઓને સહાયક અનુદાન:-**

રાજ્ય સરકારે રાજ્ય નાણાં પંચની ભલામણોનો સ્વીકાર કરેલ છે. આ ભલામણો પૈકી શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વિસ્તારમાંથી વસુલ આવેલ રકમમાંથી ૫૦ ટકા રકમ જે તે શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને ફાળવવા દર વર્ષ બજેટ જોગવાઇ કરવામાં આવે છે ૨૦૦૭-૦૮ ના નાણાકીય વર્ષમાં સરકારશ્રીએ વ્યવસાય વેરા કાયદા હેઠળની કેટેગરી-૧ કે જે પગારદારોનો સમાવેશ થાય છે તે રકમમાંથી ૫૦ ટકા રકમ જે તે સંબંધિત શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને પરત ફાળવવા નિર્ણય કરેલ છે.

સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે આ સદર હેઠળ રૂા.૫૯૭૩.૨૧.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે સને ૨૦૨૩-૨૪ના વર્ષ માટે રૂા.૭૮૧૮.૪૨ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

**નગરપાલિકાઓને ઓકટ્રોય વળતર ગ્રાંટની યોજના:-**

રાજ્ય સરકારે તા.૦૧-૦૫-૨૦૦૧ ના વટહુકમથી રાજ્યની તમામ નગરપાલિકા વિસ્તારમાંથી જકાત નાબુદીના આદેશો કરેલા છે. જકાત નાબુદ થતાં નાગરપાલિકાઓને મળતી આવકના પ્રશ્ન બાબતે પણ સરકારશ્રીએ ગંભીરતા પુર્વક વિચારણા કરીને, નગરપાલિકામાં જકાત વસુલ કરવામાં આવતી હતી તે નગરપાલિકાઓની છેલ્લા ત્રણ વર્ષની જકાતની આવકની સરેરાશ પ્રમાણે જકાત નાબુદીના વળતર રૂપે ખાસ ગ્રાંટ ફાળવણીના આદેશ કર્યા છે. જયાં જકાત વસુલ કરવામાં આવતી નથી ત્યાં ૨૦૦૧ ની વસ્તીના ધોરણે માથાદીઠ રૂ!.૧૦/- પ્રમાણે ગણતરી કરીને ગ્રાંન્ટ ફાળવણી કરવાનું નકકી કરેલ છે.

રાજ્યની ૧૫૭ નગરપાલિકાઓને છેલ્લા   ણ વર્ષની જકાતની આવક સરેરાશ ધ્યાનમાં લઈને જકાત વળતર પેટે ગ્રાંન્ટ ચુકવણી કરવામાં આવેલ છે. તેમને દર વર્ષ ૨૦૦૨-૦૩ અને ૨૦૦૩-૦૪માં ૭ % વધારો ચુકવેલ છે. ત્યારબાદ વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૦૧૨-૧૩ સુધી ૧૦ % વધારો ચુકવવાનું નકકી થતાં ૧૦ % વધારો ચુકવવામાં

આવેલ છે. ત્યારબાદ, વર્ષ ૨૦૧૩-૧૪માં જે ટ મળેલ છે તેમાં વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૦ ટકા વધારો ચુકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં કોઈ વધારો મંજુર કરવામાં આવેલ નથી.વર્ષ ૨૦૧૪-૧૫ માં જે ગ્રાંટ મળેલ છે તેમાં વર્ષ ૨૦૧૭-૧૮ માં વધારો ૧૦% આપવામાં આવેલ હતો. હવે વર્ષ ૨૦૨૧-૨૨માં જે ગ્રાંટ મળેલ છે તેમાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૦% વધારો (૭ ટકા સમાનરૂપે અને ૩ ટકા પરફોર્મન્સ આધારિત) મંજુર કરવામાં આવેલ છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ. ૪૬૮૧૦.૦૬ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે વર્ષ ૨૦૨૩-૨૪માં . ૪૬૮૩૪.૬૪ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**એક લાખથી ઓછી વસ્તીવાળી નગરપાલિકાઓને ચુંટણી ખર્ચ માટે સહાયક અનુદાન:-**

રાજ્યની નાણાં પંચની ભલામણો અનુસાર રાજ્યની ૧ લાખથી ઓછી વસ્તી ધરાવતી નગરપાલિકાઓને ચૂંટણી ખર્ચ માટે સહાયક અનુદાન આપવાનું રાજ્ય સરકારે તા.૧૫-૯-૨૦૦૦ ના ઠરાવથી નકકી કરેલ છે. સદરહુ ઠરાવમાં ચૂંટણી ખર્ચ અનુદાનની વિગતો તથા તે અંગેની શરતો પણ નિયત કરવામાં આવેલ છે. નગરપાલિકાઓની સામાન્ય /મધ્યસ્થ /પેટા ચુંટણી માટે જે તે નગરપાલિકાને એક મતદાન મથક દીઠ રૂ. ૨૦,૦૦૦ સહાયક અનુદાન ચુકવવાનું તેમજ તે સહાયક અનુદાનની રકમ ગુજરાત મ્યુનિસિપ્લ ફાઈનાન્સ બોર્ડ મારફત નગરપાલિકાઓને ચૂંટણી ખર્ચ માટે ચુકવવાનું નકકી થયેલ છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૬૩૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂ. ૨૫.૦૦ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**જમીન મહેસુલ બિનખેતી આકાર-ઈરીગેશન સેસ-લોકલ ફંડ સેસની ગ્રાંટ:-**

આ યોજના સને ૧૯૬૩ થી અમલમાં આવેલ છે. અને રાજ્યની નગરપાલિકાઓ તેમજ મહાનગરપાલિકાઓ બન્નેને લાગુ પડે છે. આ યોજના હેઠળ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને તેમના વિસ્તારમાંથી વસુલ કરવામાં આવેલ સિંચાઈ ઉપકર અને સ્થાનિક ભંડોળ ઉપકરમાથી ગ્રાંટ આપવામાં આવે છે. આ યોજના હેઠળ નગરપાલિકા/મહાનગરપાલિકાને આપેલ ગ્રાંટ ૧૦૦ ટકા અનુદાન તરીકે ગણવામાં આવે છે. આ યોજનાની ગ્રાંટ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૧-૧૨-૦૯ના ઠરાવની જોગવાઈઓ મુજબ તમામ મહાનગરપાલિકાઓ / નગરપાલિકાઓને વસતિ અને વિસ્તારના ધોરણે ફાળવણી કરવામાં આવે છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં . ૫૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂ. ૫૦૦.૦૦ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**ઈ-નગર યોજના:-**

વિભાગ તથા મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી અને તેના નિયંત્રણ હેઠળની કચેરીઓને તેમજ નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી અને વિભાગ ખુદને તેમજ રાજ્યની નગરપાલિકાઓને કોમ્પ્યુટરો પૂરા પાડવામાં આવેલ છે. આ ઉપરાંત વિભાગ ખુદ તથા ખાતાના વડાઓની કચેરીઓ માટે એકશન પ્લાન બનાવવામાં આવેલ છે.

હાલમાં મહાનગરપાલિકા, સત્તામંડળો તથા નગરપાલિકાઓમાં બાંધકામ પરવાનગી આપવા માટે અરજદારોએ જે તે સંસ્થામાં જઈ અરજી કરી દસ્તાવેજો રજુ કરવાના થાય છે. આ કામગીરીમાં અરજદારોને પરવાનગી લેવા માટે ખુબ જ ધક્કા તેમજ વારંવાર નગરપાલિકા, મહાનગરપાલિકા તથા સત્તામંડળમાં જવાની ફરજ પડે છે. આ તમામ પ્રક્રિયાને ટેકનોલોજીના માધ્યમથી એટલે કે ઓટોમેટેડ બિલ્ડીંગ પરમીશન આપવાની કાર્યવાહી કરવાથી જમીન માલિક અથવા તો અરજદાર પોતાના દસ્તાવેજો વેબસાઈટ ઉપર ઓનલાઈન અપલોડ કરી શકશે. તેમજ જરૂરી નાણાં પણ ઈ-પેમેન્ટથી કરી શકે અને વેબસાઈટ ઉપર સોફ્ટવેરથી નકશાની ચકાસણી થઈ અરજદારને

ઓનલાઈન ઉપલબ્ધ થઇ શકશે. જેથી તેઓ નકશામાં જરૂરી સુધારા કરી ફરીથી વેબસાઈટ ઉપર અપલોડ કરી મંજુર થયેલ નકશા મેળવી શકશે. આમ, જમીન માલિક/ અરજદારે મહાનગરપાલિકા, નગરપાલિકા તથા સત્તામંડળમાં જવુ પડશે નહીં અને તેઓ પેમેન્ટ પણ ઓનલાઈન કરી શકશે. આ હેતુથી રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ સત્તામંડળો અને નગરપાલિકાઓમાં ઓટોમેટેડ બિલ્ડીંગ પરમીશન લાગુ કરવા માટે ઈઝ ઓફ ડુંઈંગ બીઝનેશ અંતર્ગત ઈઝ ઓફ ડુંઈંગ બીઝનેશમાં કોમ્પ્રીહેસીવડેવલોપમેન્ટ માટે (૧) ઓટોમેટેડ બીલ્ડીંગ પરમીશન સીસ્ટમ, (ર) જીઆઈએસ બેઝડ માસ્ટર પ્લાન ફોર અર્બન લોકલ બોડીઝ, (3) ટી.પી.સ્કીમ ડાટા ઓન જીઆઈએસ પ્લેટ ફોર્મ ફોર મ્યુનિસિપલ કોર્પોરેશન, (૪) સીસ્ટમ ઈન્ટીગ્રેસન ફોર ઓલ એબોવ સર્વિસ એઝ એ પાર્ટ ઓફ ઈ-નગર એક્ષટેન્શન, (૫) ઈન્ટરનેટ સર્વિસીસ ફોર ઓલ યુએલબી કામગીરી માટે આનુષાંગિક સોફ્ટવેર ખરીદી કરવી.

આ સ્કીમના હેતુઓ નીચે મુજબ છે.

(૧) જુદા જુદા ખાતાના વડાઓ અને અર્બન લોકલ બોડીઝ માટે હાર્ડવેર અને સોફ્ટવેર્સની જરૂરીયાત તેમજ આઇ.ટી પ્રોફેશનલની સેવાઓ પૂરી પાડવી.

(ર) સેટેલાઇટ ઈમેજીઝ દ્વારા એરીયલ ફોટોગ્રાફ્સ મેળવવા અને ડેટાબેઈઝનો ઉપયોગ જી.આઇ.એસ સાથે કરવો. શહેરી વિસ્તારોના સ્થળોનો સર્વે કરી આયોજનની સગવડ પૂરી પાડવી.

(3) નેશનલ અર્બન ઈન્ફોર્મેશન સીસ્ટમ (એનયુઆઇએસ) નો અમલ કરવો.

(૪) મહાનગરપાલિકા અને નગરપાલિકા લેવલે વિવિધ પર જેટલી નાગરિક સુવિધાઓ અંગેની પ્રક્રિયા ઓન લાઇન કરી ઝડપી સેવાઓ પુરી પાડવી.

આ યોજના માટે સને ૨૦૨૨-૨૩ ના વર્ષમાં આ સદર હેઠળ રૂા. રૂ.૫૦૦.00 લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે સને ૨૦૨૩-૨૪ના વર્ષમાં રૂ.૧૦૦.00 લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**"સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના" હેઠળ નગરોમાં રેલ્વે ઓવરબ્રીજ/રેલ્વે અંડરબ્રીજ બાંધકામ માટે સહાય.**

ગુજરાત વધતા જતા શહેરીકરણનું ઉદાત સાક્ષી છે. ૫૦ ટકાથી પણ વધુ વસતિ આવતાં ૧૫ વર્ષમાં શહેરી વિસ્તારમાં વસવાટ કરવાની અપેક્ષિત છે. ઉપર્યુકત સ્થિતિને નજર સમક્ષ રાખતાં, એ માનવા યોગ્ય છે કે શહેરી ગીચ વિસ્તારોમાંથી પસાર થતી રેલ્વે લાઇન ધીમા વાહન વ્યવહાર માટેનું ચોકકસ કારણ છે અને શહેરોમાં થતી વિપરીત અસરો જેવી કે, માનવ કલાકોનો બગાડ, સુરક્ષા ધારાધોરણો, વાહનોનો બળતણ વપરાશ અને પર્યાવરણીય અસરો. તેથી આગામી આયોજનના ભાગરૂપે રેલ્વે ઓવરબ્રીજ/રેલ્વે અંડરબ્રીજ (સ્થળ સ્થિતિ અનુસાર) બાંધકામ કરવું જરૂરી છે. ઉપર્યુકત સ્થિતિમાં માનવા એ યોગ્ય છે કે ભારત સરકારનું રેલ્વે મંત્રાલય રેલ્વે ઓવરબ્રીજ/રેલ્વે અંડરબ્રીજ ના બાંધકામ માટે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ભાગીદારી સ્વરૂપે સહાય કરે છે. પરંતુ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પાસે ઉકત હેતુ માટે જરૂરી ફાળો ઉપલબ્ધ હોતો નથી, એવુ વિચારણામાં લઇ શકાય કે સ્થાનિક સ્વરાજની ક્ષમતા અને પ્રમાણભુત ધારાધોરણો બંન્ને બાબતો ઘ્યાને લઇ ઉકત હેતુ માટે જરૂરી નાણાકીય સહાય કરી શકાય.

ઉપર જણાવેલ અનુદાન નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓના ક્ષમતાવર્ધન અને જવાબદારીપૂર્ણ શહેરી સેવાઓ માટે આપવું જરૂરી છે. રેલ્વે ઓવરબ્રીજ/રેલ્વે અંડરબ્રીજના બાંધકામમાં સહાય કરવાથી સંકલિત વાહન વ્યવહાર અને પર્યાવરણીય સ્થિતિનો શહેરી વિસ્તારની સુદ્રઢ જીવનશૈલી અને કાર્યક્ષમતામાં ઉપયોગી બનશે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ સદર હેઠળ રૂા. ૨૭૧૩૩.૭૫ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪માટે રૂ. ૧૧૩૧૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**૫૦ ટકા વ્યવસાયિક કર માટે નગરપાલિકાઓને સહાયક અનુદાનઃ-**

રાજ્ય સરકારે રાજ્ય નાણાં પંચની ભલામણોનો સ્વીકાર કરેલ છે. આ ભલામણો પૈકી શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વિસ્તારમાંથી વસુલ આવેલ રકમમાંથી ૫૦ ટકા રકમ જે તે શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને ફાળવવા દર વર્ષ બજેટ જોગવાઇ કરવામાં આવે છે. ૨૦૦૭-૦૮ ના નાણાકીય વર્ષમાં સરકારશ્રીએ વ્યવસાય વેરા કાયદા હેઠળની કેટેગરી-૧ કે જે પગારદારોનો સમાવેશ થાય છે તે રકમમાંથી ૫૦ ટકા રકમ જે તે સંબંધિત શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને પરત ફાળવવા નિર્ણય કરેલ છે.

આ યોજનામાં વર્ષ ૨૦૨૨-૨૩ માં આ સદર નગરપાલિકાઓ માટે રૂા. ૪૮૯૪.૪૯ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪માટે રૂા. ૫૮૭૨.૯૯ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

**મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાનઃ-**

શહેરી સ્થાનિક સંસ્થાઓ દ્વારા વસુલ કરવામાં આવતા ઓકટ્રોયના સંદર્ભમાં રાજ્ય સરકાર દ્વારા લાભપંચમ તા.૧૫મી નવેમ્બર, ૨૦૦૭ થી ઓકટ્રોય નાબુદીનો ઐતિહાસિક નિર્ણય કરી રાજ્યની આઠ મહાનગરપાલિકાઓમાંથી ઓકટ્રોય નાબુદ કરવામાં આવેલ છે. રાજ્યની આઠ મહાનગરપાલિકાઓમાં ઓકટ્રોય નાબુદ થતાં તેના વળતર તરીકે એડહોક ધોરણે રકમ ચુકવવામાં આવે છે. ઉકત રકમ આઠ મહાનગરપાલિકાઓને ચુકવવા માટે ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના હવાલે મુકવામાં આવે છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં આ સદર હેઠળ રૂા. ૨૫૭૨૬૫.૪૬ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪માટે રૂા. ૨૫૭૨૬૫.૪૬ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

**રાજ્ય સ્તરની કેડરના પગાર ભથ્થાઓ માટે રાજ્યની નગરપાલિકાઓને સહાયક અનુદાન:-**

ગુજરાતએ ઝડપથી શહેરીકરણ પામતું રાજ્ય છે. સારી અને સક્ષમ શહેરી સુવિધાઓ પુરી પાડવાના હેતુથી મ્યુનિસિપલ એકાઉન્ટસ ઓફિસર, મ્યુનિસિપલ હેલ્થ ઓફિસર અને મ્યુનિસિપલ ઈજનેર એવી રાજ્ય સ્તરની ત્રણ કોમન કેડરની રચના કરવામાં આવેલ હતી. આ કોમન કેડરની રચના હયાત મ્યુનિસિપલ ચીફ ઓફિસરની રાજ્ય કેડર ઉપરાંત કરવામાં આવેલ છે. વિગતવાર છણાવટના અંતે રાજ્ય સરકારે ઉપર જણાવેલ ત્રણ કોમન કેડરના પગાર ભથ્થાના ૭૫% રકમ રાજ્ય સરકારના ફાળા તરીકે આપવાનો નિર્ણય કરેલ છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં આ સદર હેઠળ રૂા.૯૦૦.૯૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪માટે રૂા.૨૬૨૧.૪૯ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

**બુનિયાદી મૂડી અને શહેરી સ્થાનિક સંસ્થાઓને પગાર ભથ્થા માટે નગરપાલિકાઓને સહાયક અનુદાન**

શહેરી સ્થાનિક સંસ્થાઓને સંબંધિત ગુજરાત નાણા પંચની ભલામણ અન્વયેની રાજ્યની નગરપાલિકાઓના સરકારશ્રીએ મંજૂર કરેલ સ્ટાફને ચૂકવવામાં આવતું પગાર ભથ્થા વિષયક અનુદાન/માથાદીઠ મૂળભુત ગ્રાન્ટ તેમજ રૂપાંતરીત નગરપાલિકાઓને મોંઘવારી ભથ્થા અનુદાન એ ત્રણેય અનુદાનોને એકત્રિત કરીને માથાદીઠ રૂપિયા ૩૫/- આપવાનું નકકી થયેલ છે. સરકારશ્રીએ શહેરી સુધારણા સહિત માળખાકીય વિકાસ યોજનાઓના કાર્યક્રમો મોટા પાયે હાથ ધરેલ છે. આમ, આ યોજનાઓના અમલીકરણની કામગીરી માટે વધારાનું મહેકમ જરૂરી બનેલ છે. આ ઉપરાંત સરકારના વિવિધ કાર્યક્રમો અને યોજનાઓ જેવી કે, શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫, નિર્મળ ગુજરાત, નીરોગી બાળ, સ્વર્ણિમ ગુજરાત મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, શહેરી આવાસન, ગરીબ સમૃધ્ધિ

યોજના, અર્બન સ્લમ કેમ્પેઇન, સોશીયો ઇકોનોમિક સર્વે, ઘન કચરાના કામો માટે મહેકમની જરૂરીયાત રહેશે. જેના પગાર ભથ્થા વગેરેના ખર્ચ માટે જોગવાઇ કરવી જરૂરી છે.

સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે આ સદર હેઠળ રૂા. ૧૩૫00.00 લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જ્યારે સને ૨૦૨૩-૨૪ના વર્ષ માટે રૂા.૧૩૫00.00 લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાઃ-**

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના, રાજ્યના શહેરોના સર્વાંગી વિકાસ માટે, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૭-૧૧-૨૦૦૯ના ઠરાવથી અને તા.૨૩-૦૮-૨૦૧૧ના સુધારા ઠરાવથી યોજના અમલમાં મુકવામાં આવેલ જે તા૨૪/૧૨/૨૦૨૦ ના ઠરાવથી વર્ષ ૨૦૨૧-૨૨ થી વર્ષ ૨૦૨૩-૨૪ (વધુ ત્રણ વર્ષ) લંબાવવામાં આવેલ છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યની નગરપાલિકાઓમાં પૂરતુ પીવા લાયક પાણી મળી રહે તેમજ શુધ્ધ્ વાતાવરણનું નિર્માણ કરી શકાય તે માટે ભૂગર્ભ ગટર યોજના જેવી પાયાની સુવિધાઓનું આયોજન કરેલ છે. વર્ષ ૨૦૦૯-૧૦ થી રાજ્ય સરકાર દ્વારા પાણી પૂરવઠા તેમજ ભૂગર્ભ ગટર યોજનાના કામોના અસરકારક અમલીકરણ માટે ૧૦૦ ટકા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી રહેલ છે. હાલમાં નગરપાલિકાઓમાં સીવેર કલેકટીંગ સીસ્ટમ તથા આનુસાંગિક કામો મહદઅંશે પૂર્ણ થયેલ છે. તથા ગંદા પાણીના શુધ્ધિકરણ માટે STP ના કામો હાથ ધરવામાં આવેલ છે. ઉપરાંત રાજ્યના શહેરી વિસ્તારોમાં દૈનિક ધોરણે શુદ્ધ ગુણવત્તાયુક્ત પીવાનું પાણી મળી રહે તે માટે નલ સે જલ હેઠળ પણ કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના માટે GUDM માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ સદર હેઠળ રૂા.૧૨૯૪૧૪.૭૯ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં રૂા.૮૯૨૪.૬૧ લાખ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં રૂા. ૭૮૨૮.૦૧ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂા. ૧૧૬૫૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં રૂા. ૮૧૫૫.૦૦ લાખ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં રૂા.૩૪૨૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

જ્યારે ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ હસ્તકની યોજના (આંતર માળખાકીય વિકાસ), મુખ્યમંત્રી શહેરી સડક યોજના, ખાનગી સોસાયટી ફ્લાય ઓવર, આઉટ ગ્રોથ તથા આગવી ઓળખ યોજના) અંતર્ગત કુલ . ૩૮૦૫૮૫.૦૦ લાખની ફાળવણી પૈકી (જનરલ સદરે રૂ. ૨૫૨૮૫૨.૦૦ લાખ, અનુસૂચિત જાતિ સદરે રૂ. ૬૨૧૧૫.૦૦ લાખ તથા અનુસૂચિત જનજાતિ ઘટક હેઠળ રૂ. ૫૯૩૪૫.૦૦ લાખ) . ૧૦૦.૦૦ કરોડ આગવી ઓળખના કામો માટે,

- . ૧૦૦.૦૦ કરોડ આગવી ઓળખના કામો માટે.
- રૂ .૩૫૦.૦૦ કરોડ ખાનગી સોસાયટી જનભાગીદારી યોજના હેઠળ જોગવાઇ થયેલ હતી. (જનભાગીદારી યોજના હેઠળ શહેરી વિકાસ વિભાગના તા.૦૬/૦૯/૨૦૨૧ના ઠરાવથી નગરપાલિકા વિસ્તારમાં ઘરોની ગટર લાઈનને મુખ્ય ગટર લાઈન સાથે જોડાણ કરવા કુંટુબ દિઠ રૂ. ૭૦૦૦/-ની મર્યાદામાં સહાય આપવાનું ઠરાવેલ છે)
- . ૨૩૮.૮૫ કરોડ આઉટ ગ્રોથ એરીયાના વિકાસ માટે
- . ૨૫૦.૦૦ કરોડ ફલાય ઓવર બનાવવા માટે
- ભૌતિક આંતરમાળખાકીય સુવિધાઓ
- સામાજીક આંતર માળખાકીય સુવિધાઓ

- અર્બન મોબીલીટી – શહેરી પરિવહન
- શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા ખાસ જરૂરીયાતવાળા કામો માટે જોગવાઈ કરવામાં આવેલ. જેમાં:-

  ૧) આઠ મહાનગરપાલિકાઓને આંતર માળખાકીય સુવિધાના કામો માટે રૂ. ૧૯૧૭.00 કરોડ તથા સડક યોજનાના કામે . 300.00 કરોડ,

  ૨) ૧૫૬ નગરપાલિકાઓ માટે આંતર માળખાકીય સુવિધાના કામો માટે રૂ. ૩૭૯.00 કરોડ તથા સડક યોજના માટે રૂ. ૨00.00 કરોડ (નગરપાલિકાના વર્ગવાર)

  3) આઠ સત્તામંડળોને આંતરમાળખાકીય સુવિધાના કામો સારૂ રૂ. ૭0.૮૫ કરોડની ફાળવણી થયેલ છે.

મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ (૧૫૫ નગરપાલિકા) રાજ્યની નગરપાલિકાઓને વર્ગવાર નીચે મુજબ ગ્રાંટની ફાળવણીકરવામાં આવેલ છે.

- અ વર્ગ ન.પા.માટે . ૧0.00 કરોડ
- બ વર્ગ ન.પા. માટે . ૭.00 કરોડ
- ક વર્ગ ન.પા. માટે . ૪.00 કરોડ
- ડ વર્ગ ન.પા. માટે . 3.00 કરોડ
- જીલ્લા મથકની ન.પા.ને વધારાના . ૨.૫0 કરોડ

**નગર સેવા સદન (નવા બાંધકામ રીનોવેશન)**

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૦-૧૨-૨૦૧૩ ના ઠરાવ ક્રમાંક: સજય/૧૦૨૦૧૩/એસએફ/૬૮/ઘ ની જોગવાઈઓ મુજબ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નવા નગર સેવા સદન બાંધકામ માટે નગરપાલિકાની કક્ષા/વર્ગ મુજબની ગ્રાંટ મળવાપાત્ર થાય છે. તેમાં જે નગરપાલિકાઓ પાસે પોતાનું મકાન ન હોય અથવા હયાત મકાન 30 વર્ષથી જુનુ હોય તેવી (અ) અને (બ) વર્ગની નગરપાલિકાઓને નવું મકાન બાંધવા/બનાવવા માટે રૂા. ૨.00 કરોડની સહાય અને (ક) અને (ડ) વર્ગની નગરપાલિકાઓને નવું મકાન બાંધવા/બનાવવા માટે રૂા.૧.00 કરોડની સહાય આપવામાં આવે છે. જયારે તમામ નગરપાલિકાઓને હયાત મકાનમાં વધારા/મરામત માટે તેમની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને રાજ્ય સહાય મળવાપાત્ર થાય છે.

તે માટે સબંધિત નગરપાલિકાએ તાંત્રિક અંદાજ સહ ધોરણસરની દરખાસ્ત સબંધિત ઝોનના પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓના અભિપ્રાય મારફત કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ એડમીનીસ્ટ્રેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને કરવાની રહે છે.

નવા મકાન બાંધકામના કામો હેઠળ ૭૪ નગરપાલિકાઓના નવા મકાન માટે રૂ. ૬૫.૫૮ કરોડતથા ૫૨(બાવન) નગરપાલિકામાં સુધારા-વધારાના કામો માટે રૂ.૧૬.૩૫ કરોડ મળી કુલ ૧૨૯ નગરપાલિકાઓને કુલ રૂ. ૮૧.૯૩ કરોડની સહાય આપવામાં આવેલ છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ સદર હેઠળ રૂા. ૫૧૮૯૫૬.00 લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં રૂા. ૭૧૦૩૯.૯૭ લાખ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં રૂા. ૭૩૪૪૬.0૯ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. જયારે વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂા. ૮૦૮૭૩૬.૨૨ લાખની

જોગવાઇ સૂચવવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં રૂા.૧૨૨૫૯૫.૮૯ લાખ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં રૂા.૧૧૭૬૫૯.૪૮ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**શહેરી વિકાસ મિશન-સ્માર્ટ સીટીઃ-**

પ્રવર્તમાન સમયમાં સમગ્ર દુનિયામાં શહેરી કરણનો વ્યાપ વધી રહ્યો છે. એક અંદાજ પ્રમાણે વર્ષ ૨૦૫૦ સુધીમાં ૭૦% વસ્તી શહેરોમાં વસવાટ કરતી હશે, અને ભારત પણ તેમાંથી બાકાત નથી. જેથી ભારત દેશને પણ આ પ્રવાહમાં સમાવવા માટે લગભગ ૧૦૦ જેટલા સુખ-સુવિધા યુક્ત શહેરોની આવશ્યકતા રહેશે. વધતા જતા શહેરીકરણને કારણે સરકાર પણ શહેરી જીવનના પડકારોનો સામનો કરી રહી છે અને એ પણ જયારે એ વિવિધ પ્રકારના ઓદ્યોગીક સાહસોને રોકાણ માટે આકર્ષે છે ત્યારે આ સંભાવનાને ધ્યાનમાં લઇને "અર્બન ડેવલોપમેન્ટ મિશન"ની જાહેરાત કરવામાં આવી છે જેમાં ૧૦૦ સ્માર્ટ સીટી સહિત ૫૦૦ શહેરોનો સમાવેશ કરેલ છે. જે અંતર્ગત રાજ્યના શહેરોમાં માળખાગત વિકાસના કામો, ઈ-ગર્વનન્સ, પરિવહન, કૌશલ્યવર્ધન, સ્યુઅરેજ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ, પાર્કિંગ પ્લોટ/જગ્યાઓપબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપના ધોરણે બનાવવા, પાણી પુરવઠા (ડિસેલિનેશન પ્લાન્ટ સહિત) અને સ્વચ્છતા, આપત્તિ વ્યવસ્થાપન, ખાસ વર્ગના રાજ્યો કે જ્યાં જમીનનું ધોવાણ/ભૂસ્ખલન સામાન્ય રીતે જોવા વળે છે ત્યાં નિવારણ અનેપુનર્વસવાટ, હેરિટેજ વિસ્તારોનો વિકાસ અને પ્રવાસન સહિતના કામોનો સમાવેશ કરવામાં આવશે. જે અંતર્ગત અમદાવાદ વડોદરા, રાજકોટ, સુરત ગાંધીનગર તથા દાહોદનો સ્માર્ટ સીટી તરીકે કેન્દ્ર સરકાર દ્વારા સમાવેશ કરવામાં આવેલ છે

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં આ સદર હેઠળ રૂા. ૭0000.00 લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂા. ૫૪૭00.00 લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**શહેરી સર્વાંગી પરિવર્તન નવીનિકરણ માટે અટલ મિશન 2.0 (અમૃત 2.0) યોજનાઃ**

તા.૦૧/૧૦/૨૦૨૧ ના રોજ કેન્દ્ર પુરસ્કૃત અમૃત યોજનાના અનુગામી યોજના તરીકે 'અમૃત ૨.0' યોજના, માનનીય પ્રધાનમંત્રીશ્રીના વરદ હસ્તે લોંચ કરવામા આવેલ છે. આ યોજનાનો સમયગાળો આગામી પાંચ (૦૫) વર્ષનો રહેશે (અંદાજીત 30/૦૯/૨૦૨૬). જેનો મુખ્ય હેતુ રાજ્યની મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓમા ૧૦૦% પાણી પુરવઠો પહોંચાડવો તથા રાજ્યના ૩૧ અમૃત શહેરોમા ૧૦૦% ભૂગર્ભ ગટર યોજનાનાની વ્યવસ્થા પૂરી પાડવાનો છે. આ યોજના અંતર્ગત મુખ્યત્વે નીચે મુજબના શહેરોનો તથા કામોનો સમાવેશ કરવામાં આવશે.

| કામોની વિગતો | શહેરો |
|---|---|
| પાણી પુરવઠાના કામો (પાણીના સ્ત્રોત, શુદ્ધિકરણ, સંગ્રહ તથા વિસ્તરણ વ્યવસ્થા, હાઉસ કનેક્શન વિગેરે) | રાજ્યના તમામ શહેરો |
| ભૂર્ગભ ગટર યોજનાના કામો (કલેક્શન નેટવર્ક, પમ્પિંગ સ્ટેશન, હાઉસ કનેક્શન તથા STP અનેલગત કામો) | ૩૧ અમૃત શહેરો (૦૮ મહાનગરપાલિકા + ૨૨ વર્ગ – અ ની નગરપાલિકા + દ્વારકા નગરપાલિકા) |
| જળાશયોનુ નવીનીકરણ | |
| પાણીના ભૂગર્ભ સ્ત્રોતના સંચયના કામો (Urban Aquifer Management Plan) | |
| રાજ્યના અધિકારીઓ તથા પદાધિકારીઓ માટે કેપેસીટી બિલ્ડીંગ અંતર્ગત તાલીમ પ્રોગ્રામ | |
| વર્ષવાર કરવાના થતા અલગ-અલગ રીફોર્મ્સ અને IEC એક્ટીવીટી | |

ગુજરાત રાજ્યમા અમૃત ૨.0 મિશનના અમલીકરણ અર્થે ગુજરાત શહેરી વિકાસ મિશન (જીયુડીએમ) ને રાજ્ય કક્ષાએ અમલીકરણ સંસ્થા તરીકે નિમવામા આવેલ છે. ગુજરાત રાજ્ય દ્વારા અમૃત ૨.0 મિશન હેઠળ આશરે . ૧૫,000 કરોડની રકમના કામો સ્ટેટ વોટર એક્શન પ્લાન (SWAP) ના 03 ટ્રેન્ચ મા (SWAP -1, SWAP -2 & SWAP -3) હાથ ધરવામા આવશે. તે પૈકી, જીયુડીએમ કચેરી દ્વારા SWAP -1, SWAP -2 તથા Special SWAP (for Rejuvenation of Waterbodies) તૈયાર કરવાની તથા મંજુર કરાવવાની પ્રક્રિયા પૂર્ણ કરવામા આવેલ છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ સદર હેઠળ રૂા. ૪000.00 લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂા.૧૪૫૪૯૩.00 લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં રૂા. ૧0૩૧૮.૧0 લાખ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં રૂા. ૪૮૧૨.૮૫ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે

**નગર વિકાસ શ્રીનિધિ યોજના :-**

વિભાગના તા.૧૮-૧૦-૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: મફબ/ ૧૧૨૦૦૫/ ૬૦૭૮/ આરથી નગરપાલિકા/ મહાનગરપાલિકાઓ માટે રાજ્ય સરકારશ્રી ધ્વારા શહેરી સ્થાનિક સંસ્થાઓ આર્થિક રીતે સક્ષમ હોવા છતાં જુદી જુદી યોજનામાંથી લોન મેળવીને વધુ જવાબદારી ઉભી ન કરે અને શહેરી વિકાસનો સરકારશ્રીનો હેતુ સિધ્ધ થઇ શકે તે માટે યુડીપી-૧૩ કોન્ટ્રીબ્યુશન અર્બન ડેવલપમેન્ટ, યુડીપી ૧૫ કોન્ટ્રીબ્યુશન ફાઇનાન્સ ફોર મ્યુનિસિપલ કોર્પોરેશન તથા યુડીપી-૧૬ ક્રીએશન ઓફ રીવોલ્વીંગ ફંડ ફોર અર્બનની યોજના એવી ત્રણ યોજનાઓને ભેળવીને નવી નગર વિકાસ શ્રીનિધિ યોજના સને ૨૦૦૬-૦૭ના વર્ષથી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના હેઠળ લોન મંજુર કરવાની મર્યાદા રૂ.૧૦૦ લાખની છે. આ લોન નગરપાલિકાએ ૫ ટકાના વ્યાજે એક વર્ષના મોરીટોરીયમ પીરીયડ પછી ૧૦ વાર્ષિક સરખા હપ્તામાં પરત કરવાની રહેશે.

આ યોજના હેઠળ નીચેના હેતુઓનો સમાવેશ કરવામાં આવેલ છે. મહાનગરપાલિકા માટે નીચેના હેતુ પૈકી વળતર મળી શકે તેવા પ્રોજેકટો માટે લોનમંજુર કરી શકાય છે.

૧. જાહેર સુવિધાના કામો જેવા કે પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, જાહેર રસ્તા, જાહેર દિવાબત્તી, વરસાદી પાણીની ગટર, ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપનના કામ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, તળાવના વિકાસ, કોમ્યુનિટિ હોલના કામો વિગેરે.
૨. વળતર મળી શકે તેવા કામો, જેવા કે શોપીંગ સેન્ટર, શાકભાજી, ફળફળાદી, ફુલ બજાર, રીક્રીએશન પાર્ક, વોટર પાર્ક, સ્પોટસ કોમ્પલેક્ષ વિગેરે.
૩. કોઇ યોજના માટે નગરપાલિકાઓને ભોગવવાની થતી સમાન ફાળાની રકમ પેટે
૪. નગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસના કામોના પ્રોજેકટની ગ્રાંટ સિવાયની બાકી અંદાજીત ખર્ચની રકમ મેળવવા માટે.
૫. બ્રીજ લોન (સરકારશ્રીમાંથી કે બીજા જાહેર નિગમો કે બોર્ડ પાસેથી કોઇ ચોક્કસ યોજના માટે / કામો માટે લોન અથવા ગ્રાંટ મંજુર થયેલ હોય, પરંતુ તે લોન અથવા ગ્રાંટ મળવામાં વિલંબ થાય તેમ હોય અને કામો શરૂ કરવા જરૂરી હોય તો ટુંકાગાળા માટે લોન આપવી.)

ઉપરોકત યોજના હેઠળ બોર્ડ પાસે પર્યાપત ભંડોળ ઉપલબ્ધ હોઇ આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ રૂ.૧.00 લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂ.૧.00 લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**કેન્દ્રીય નાણાંપંચની ગ્રાંટ (કેન્દ્ર પુરસ્કૃત):-**

કેન્દ્રીય નાણાપંચનો અહેવાલ ભારત સરકારે સ્વીકારેલ છે. તદ્અનુસાર વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૫-૨૬ માં આ યોજના અમલમાં આવેલ છે. આ યોજના હેઠળ ભારત સરકારશ્રીના તા. ૧૯-૦૫-૨૦૨૦ ના પત્રથી જણાવ્યા મુજબ ૧૫માં નાણાપંચની ગ્રાંટની ફાળવણી રાજ્યની ૧૦ લાખથી ઓછી વસતિ ધરાવતા શહેરો (નગરપાલિકા / મહાનગરપાલિકા તથા કેન્ટોન્ટમેન્ટ બોર્ડ) ને ૨૦૧૧ ની વસતીના આધારે ૯૦ ટકા વસતી આધારે અને ૧૦ ટકા વિસ્તાર આધારે ગ્રાંટ ફાળવવાની થાય છે. જ્યારે ૧૦ લાખથી વધુ વસતી ધરાવતાં શહેરોને વસતીના ધોરણે ગ્રાંટ ફાળવવાની થાય છે.

રાજ્યના ૧૦ લાખથી ઓછી વસતિ ધરાવતા શહેરો નગરપાલિકા / મહાનગરપાલિકા તથા કેન્ટોન્ટમેન્ટ બોર્ડ દ્વારા આ યોજના હેઠળ ગ્રાંટનો ૫૦ % ઉપયોગ ટાઈડ ગ્રાંટ (પાણી પુરવઠા - પીવાના પાણી, રેઈન વોટર હાર્વેસ્ટીંગ અને રિસાયક્લિંગ સહિત અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ) અને ૫૦% ગ્રાંટનો ઉપયોગ પગાર અને મહેકમ ખર્ચ સિવાય સ્થાનિક જરૂરીયાત મુજબના કામો (Location specific needs) માટે કરી શકશે. અનટાઈડ ગ્રાંટનો ઉપયોગ ટાઈડ ગ્રાંટ (પાણી પુરવઠા - પીવાના પાણી અને રેઈન વોટર હાર્વેસ્ટીંગ અને રિસાયક્લિંગ સહિત અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ)ના કામો માટે પણ કરી શકશે.

જયારે ૧૦ લાખથી વધુ વસતી ધરાવતાં શહેરોને ફાળવેલ ગ્રાંટ પૈકી ૫૦ ટકા રકમનો ઉપયોગ હવાની શુધ્ધતા માટે તથા ૫૦% રકમ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટની કામગીરી માટે કરી શકશે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ સદર હેઠળ રૂા.૧૦૬૨૬૮.૨૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં રૂા.૮૫૧૩.૪૫ લાખ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં રૂા.૮૫૮૦.૮૨ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જયારે વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂા.૧૨૭૪00.00 લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં રૂા.૯૦૩૧.૯૬ લાખ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં રૂા.૧૦૫૯૪.૭૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**નગરોમાં રેલવે ફાટકો પહોળા કરવા માટે સહાય:**

ગુજરાત વધતા જતા શહેરીકરણનું ઉદાત સાક્ષી છે. ૫૦ ટકાથી પણ વધુ વસ્તી આવતા ૧૫ વર્ષમાં શહેરી વિસ્તારમાં વસવાટ કરવાની અપેક્ષિત છે. રાજ્યના વિકસતા નગરો તેમજ જ્યાંથી સ્ટેટ હાઈવે પસાર થતા હોય તથા એગ્રીકલ્ચરલ માર્કેટ, મોટા બજારો, શૈક્ષણિક સંસ્થાઓ, દવાખાનાઓ તેમજ ઓદ્યોગિક વસાહતો આવેલ હોય તેવા ગીચ વિસ્તારોમાંથી પસાર થતી રેલ્વે લાઈન ધીમા વાહન વ્યવહાર માટેનું ચોકકસ કારણ છે અને ટ્રાફિકની સમસ્યાને કારણે આર્થિક નુકસાન અને સમયનો વ્યય થાય છે. શહેરી ગીચ વિસ્તારોમાંથી પસાર થતી રેલ્વે લાઈન ઉપરના સાંકડા ફાટકો અને શહેરોમાં વિપરીત અસરો જેવી કે, માનવ કલાકોનો બગાડ, સુરક્ષા ધારાધોરણો, વાહનોના બળતણનો વધારે વપરાશ અને પર્યાવરણીય અસરો થાય છે આથી રેલવે ફાટકો પહોળા કરવા જરૂરી છે. પરંતુ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પાસે ઉકત હેતુ પાર પાડવા માટે જરૂરી ફાળો ઉપલબ્ધ હોતો નથી. આથી એવુ વિચારણામાં લઈ શકાય કે સ્થાનિક સ્વરાજની ક્ષમતા અને પ્રમાણભુત ધારાધોરણો બન્ને બાબતો ધ્યાને લઈ ઉકત હેતુ માટે જરૂરી નાણાકીય સહાય કરી શકાય. નગરપાલિકાઓ / મહાનગરપાલિકાઓના ક્ષમતાવર્ધન અને જવાબદારીપૂર્ણ શહેરી સેવાઓ માટે સરકાર દ્વારા અનુદાન આપવું જરૂરી છે અને રેલ્વે ફાટકો પહોળા કરવાના બાંધકામમાં સહાય કરવાની કામગીરી સંકલિત વાહન-વ્યવહાર અને પર્યાવરણીય સ્થિતિનો શહેરી વિસ્તારની સુદ્રઢ જીવનશૈલી અને કાર્યક્ષમતામાં ઉપયોગી બનશે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩માં આ સદર હેઠળ રૂ. ૨.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ.૨.૦૦ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

**મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે ડી.પી.આર. તૈયાર કરવા મેગા કંપનીને સહાયક અનુદાનઃ**

ટ્રાફિક ની સમસ્યાને ધ્યાને લેતા ગુજરાત સરકારે ગાંધીનગર અને અમદાવાદ ને જોડતી મેટ્રો રેલ સીસ્ટમ શરુ કરવા માટે વિકાસ પ્રવૃત્તિ હાથ ધરી છે. પ્રોજેક્ટના અમલીકરણ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ થઈ છે અને કંપની એક્ટ, ૧૯૫૬ હેઠળ મેટ્રો-લીંક એક્ષપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (મેગા) કંપની લી.(એસ.પી.વી.)ની સ્થાપના કરવામાં આવી છે. આ પ્રોજેક્ટને હજુ આગળ વધારવા હવે ગાંધીનગર, ગીફ્ટ સીટી અને એરપોર્ટને જોડવાનું અને સુરત શહેરમાં મેટ્રો બનાવવાનું તા. ૧૩.૦૧.૨૦૧૬ ના રોજ ગાંધીનગર, ગીફ્ટ સીટી અને એરપોર્ટને બીજા તબક્કા તરીકે અને સુરત શહેરમાં મેટ્રો બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. આ વધારાના તબક્કાની કામગીરીને આગળ ધપાવવા અને સુરત શહેરમાં મેટ્રો બનાવવા માટે ડી.પી.આર. મેગા કંપની લી ધ્વારા ડી.એમ.આર.સી. પાસેથી તૈયાર કરાવવા માટે સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવી. આ બાબતે રાજ્ય સરકાર અને ભારત સરકારની મંજુરી માટે સંકલનની કામગીરી કરવા મેગા કંપની લી. ને અધિકૃત કરવામાં આવી છે. ઉપરાંત સુરત શહેરમાં મેટ્રો પ્રોજેક્ટના અમલીકરણ માટે નીચે મુજબની પ્રવૃતિઓ કરવાનું આયોજન છે અને રાજકોટ, વડોદરા, ભાવનગર અને જામનગર ગુજરાતના વિકાસશીલ શહેરો છે કે જેના શહેરીજનોને MRTSની સુવિધા મળે તે હેતુથી METRO NEO/METRO LITEના અમલીકરણને લગતો સર્વે કરી રાજકોટ, વડોદરા, ભાવનગર અને જામનગર શહેરોના ડીપીઆર તૈયાર કરવાનું આયોજન છે.

- સ્પેશ્યલ પર્પસ વેહિકલની (એસ.પી.વી.) રચના કરવી
- પ્રોજેક્ટને લગતી કામગીરીઓ શરુ કરવી.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ સદર હેઠળ રૂા. ૧૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ હતી. આ યોજના માટે વર્ષ ૨૦૨૩-૨૪માટે રૂા. ૧૦૦.૦૦ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

**માહિતી, શિક્ષણ અને પ્રસાર માટે સહાયઃ-**

રાજ્યના શહેરી વિસ્તારોમાં ૮ મહાનગરપાલિકાઓ તથા ૧૫૬ નગરપાલિકાઓનો સમાવેશ થાય છે. રાજ્યની કુલ વસતિના ૪૨.૫૮ ટકા વસતિ આ શહેરી વિસ્તારોમાં વસવાટ કરે છે. શહેરી નગરજનોને સારી આંતરમાળખાકીય સુવિધાઓ પુરી પાડવા માટે સરકાર કટીબધ્ધ છે.

શહેરી વિસ્તારોમાં રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિકાસની યોજનાઓ હેઠળ વિકાસના કામો હાથ ધરવા માટે શહેરી સ્થાનિક સંસ્થાઓને માટે સહાય આપવામાં આવે છે. આ સહાયની રકમ માંથી શહેરી વિસ્તારોમાં વિવિધ કામો જેવા કે, પાણી, ગટર, રસ્તા, સ્ટ્રીટ લાઈટ વિગેરે હાથ ધરવામાં આવે છે. આ યોજનાને નાગરીકોમાં બહોળી પ્રસિધ્ધિ મળે, નાગરીકો આ યોજનાથી અવગત થાય તે હેતુથી સ્થાનિક સંસ્થાઓને આ માટે જરૂરી આયોજન કરવા માટે નાણાંકીય સહાય પુરી પાડવાનો આ યોજનાનો હેતુ છે.

આવરી લેવાના કામો :-

- શહેરી વિસ્તારોમાં વિવિધ વિકાસના કામોની યોજનાઓની નાગરીકોને ટી.વી./ રેડીયો/વર્તમાન પત્રો દ્વારા જાણકારી મળે તે માટે રેડીયો ટોકશોનું આયોજન કરવુ.
- સ્કુલ-કોલેજોમાં આ અંગેના શોનું આયોજન કરવુ.
- થીયેટરોમાં સ્લાઈડ ડિસપ્લેનું આયોજન કરવુ.
- આ અંગેના રોડશોનું આયોજન કરવુ, ઓડીયો-વિડિયો ડિસપ્લે સાથેનું વાન / મોબાઈલ યુનિટ ફેરવવી

- અગ્રગણ્ય મહાનુભવો દ્વારા પ્રજાના સંબોધન માટેનું આયોજન કરવુ
- પ્રદર્શન અને મેળાવડામાં આ અંગેના સ્ટોલ ઉભા કરવા.
- પ્રચાર સાહિત્યની કીટ / ડાયરી / પોકેટ કેલેન્ડર વગેરેનું વિતરણ કરવુ
- જાહેર માર્ગો પર હોડીંગ્સ ઉભા કરવા, એસટી બસો પર જાહેરાત આપવી, સ્ટીકર, બ્રોશર અને લીફલેટનું છાપકામ કરાવવુ
- આ અંગેની શોટ ફિલ્મ બનાવવી, દિવાલો પર પેન્ટીંગ્સ ચીતરાવવા, ફેસબુક/ટ્વીટર/વોટસ એપ જેવા સોશ્યલ મિડીયા પર બહુળી પ્રસિધ્ધિ આપવી.
- નાગરીકો સાથે સેમિનાર/વર્કશોપ, વક્તૃત્વસ્પર્ધા અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવુ
- આ પ્રવૃતિઓને લગતી માહિતીનું શહેરી સ્થાનિક સંસ્થાઓમાં આદાન પ્રદાન કરવુ. સ્થાનિક સંસ્થાઓને આ માટે જરૂરી આયોજન કરવા માટે નાણાંકીય સહાય પુરી પાડવાનો આ યોજનાનો હેતુ છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ સદર હેઠળ રૂ.૧૦૦૧.00 લાખની  જોગવાઇ કરવામાં આવેલ હતી. આ યોજના માટે વર્ષ ૨૦૨૩-૨૪માટે રૂ.૧.00 લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

**રાષ્ટ્રીય વિરાસત, શહેર વિકાસ અને વર્ધન યોજના (HRIDAY):**

કેન્દ્ર સરકારે ધાર્મિક સ્થળોને વિકાસાવવા માટે National Heritage City Development and Augmentation Yojana (HRIDAY) તા: ૨૧/૧/૨૦૧૫ના રોજ જાહેર કરવામાં આવેલ છે.  આ યોજના હેઠળ સમગ્ર દેશમાં ૧૨ (બાર) ધાર્મિક સ્થળોને Pilgrim Centre તરીકે વિકાસાવવા માટે નક્કી કરેલ છે. જેના ભાગ રુપે ગુજરાત રાજ્યના દ્વારકા શહેરનો  સમાવેશ કરીને રૂા. ૨૨.૨૬ કરોડ અનુદાન તરીકે મળવાપાત્ર છે અને કામગીરી વર્ષ ૨૦૨૨ સુધી પુર્ણ કરવાની રહે છે.

નેશનલ હેરીટેજ સીટી ડેવલપમેન્ટ એન્ડ ઓગમેન્ટેશન યોજના (HRIDAY) નો મુખ્ય હેતુ હેરીટેજ સીટીના સારભૂત તત્વની લાક્ષણિકતાઓ જાળવવાનો અને ખાનગી સેક્ટરના સહયોગથી વૈભવી વસાહતો ઉભી કરીને શહેરી વિકાસને હેરીટેજ સાથે જોડીને સહાયભૂત થવાનો છે. ખાસ હેતુઓ નીચે મુજબ છે.

(૧) હેરીટેજ સંબંધી માળખાગત સુવિધાઓનું આયોજન, વિકાસ અને અમલીકરણ

(૨) ઐતિહાસિક શહેરના મુખ્ય વિસ્તારમાં સેવા પૂરી પાડવી અને માળખાગત સુવિધાઓની જોગવાઇ કરવી.

(3) હેરીટેજની જાળવણી અને તેને  નવપલ્લવિત કરવી કે જેમાં શહેરના વિશિષ્ટ લક્ષણોથી પ્રવાસીઓ સીધી રીતે સંકળાઇ શકે.

(૪) શહેરોની હેરીટેજ મિલકતોની યાદી વિકસાવવી અને તેનું દસ્તાવેજીકરણ કરવું. પ્રાકૃતિક, સાંસ્કૃતિક, રહેણીકરણી અને હેરીટેજનું નિર્માણ શહેરી આયોજન, વિકાસ, સેવાઓની જોગવાઇ કરવા અને સેવાઓ પૂરી પાડવા તરીકે કરવું.

(૫) સફાઇ અને સ્વચ્છતાની છેલ્લામાં છેલ્લી ટેકનોલોજીવાળી અને પ્રવાસીઓની સુખ સગવડતાઓમાં સુધારો કરતી સેવાઓ જેવી કે, લોકોની અવરજવરની અનુકૂળતા, શૌચાલયો, પાણી પુરું પાડવું, સ્ટ્રીટ લાઇટનું અમલીકરણ અને તેમાં વધારો કરવો.

(૬) હેરીટેજ આધારિત ઉદ્યોગ માટે સ્થાનિક સક્ષમતા વધારવી.

(૭) પ્રવાસન અને સાંસ્કૃતિક સવલતો વચ્ચે અસરકારક સંકલન સર્જવું અને પ્રકૃતિનું જતન કરવું અને હેરીટેજનું નિર્માણ કરવું.

(૮) શહેરીના પુન:નિર્માણ માટે જાહેર ખાનગી ભાગીદારી સ્થાપવી અને સંચાલન કરવું.

(૯) શહેરોનું આધુનિક આઈસીટી સાધનોના ઉપયોગથી અને શહેરોને સીસીટીવી જેવા આધુનિક સતર્કતા અને સલામતી સાધનોથી સજ્જ કરવા.

(૧૦) રોડ અને વૈશ્વિક ડીઝાઇનથી તેમજ ડીજીટલ હેરીટેજ અને જીઆઇએસ મેપીંગથી સ્થળે પહોંચવા સુગમ્ય બનાવવું.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ સદર હેઠળ રૂા. ૧.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. આ યોજના માટે વર્ષ ૨૦૨૩-૨૪માટે રૂા. ૧.૦૦ લાખની જોગવાઈ સુચવવામાં આવેલ છે.

**કેન્દ્રીય કરવેરામાં ફાળો અને મેટ્રો પ્રોજેક્ટ માટેની જમીન માટેની લોન (SD):**

ગુજરાત રાજ્યનો ઝડપી આર્થિક વિકાસ થઈ રહયો છે અને શહેરી પરિવહન વ્યવસ્થા વિકાસ ની કરોડરજ્જુ સમાન છે. ગુજરાત ની આ જરૂરીયાતને અનુલક્ષી ને અમદાવાદ-ગાંધીનગરને જોડતી ઝડપી, સુરક્ષિત, વાતાનુકુલિત, પ્રદુષણનું સ્તર ઘટે અને નાગરીકો માટે પોષણક્ષમ દરે ઉપલબ્ધ થાય તેવી રેલ આધારિત પરિવહન વ્યવસ્થા અમલમાં મુકવાની જરૂરિયાત હતી. આ ઉદ્દેશ હાંસલ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા મેગા કંપની લીમીટેડની કંપની અધિનિયમ, ૧૯૫૬ હેઠળ સ્થાપના કરવામાં આવી છે.

આ પ્રોજેક્ટના પ્રથમ તબક્કા માટે ૩૫.૯૫ કિલોમીટર માટે અંદાજીત રૂા.૧૦૬૭૫ કરોડ નો ખર્ચ થવા ધારેલ છે. આ માટે નો ડીટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. પ્રથમ તબક્કામાં ઉત્તર-દક્ષિણ કોરીડોર માટે શહેરના હાર્દ સમા વિસ્તાર માંથી પસાર થતી રેલ્વે લાઈન ની બાજુમાં ઉપલબ્ધ વણવપરાયેલ જમીન નો ઉપયોગ કરી શકાશે. પ્રોજેક્ટની નાણાકીય સદ્ધરતા અને સ્થિરતામાં સુધારો કરવા માટે મંજુર થયેલ ડી.પી.આર.માં કેન્દ્રીય કરવેરાની પરત ભરપાઈ (રિઈમ્બર્સમેન્ટ) ના ગુજરાત સરકાર ના ૫૦ ટકા હિસ્સા ની રકમ અને જમીન સંપાદનમાં થનાર ખર્ચને પેશગી હેઠળ, મેળવવા માટે માંગણી મુકવામાં આવેલ છે. આ વ્યવસ્થા હેઠળ પ્રોજેક્ટ ના સમયગાળા દરમ્યાન ગુજરાત સરકારનો હિસ્સો રૂા.૧૩૦૫ કરોડ થવા જાય છે. (કેન્દ્રીય કરવેરાની પરત ભરપાઈ ની રકમ રૂા.૫૭૮ કરોડ અને જમીનની કિમત પેટે રૂા.૭૨૭ કરોડ). શહેરી પરિવહન સેવામાં વધારો કરવાના હેતુથી પ્રોજેક્ટ માટે જરૂરી નાણાકીય સહાય જરૂરી છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ સદર હેઠળ શેર રોકાણ માટે રૂા. ૩૩૦૦૦.૦૦ લાખ તથા લોન માટે રૂા .૩૫૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જ્યારે આ યોજના માટે વર્ષ ૨૦૨૩-૨૪ માટે શેર રોકાણ માટે રૂા. ૬૨૭૮૪.૦૦ લાખ તથા લોન માટે રૂા.૩૪૫૪૯.૦૦ લાખની જોગવાઈ સૂચવવામાં આવેલ છે.

**ગુજરાત શહેરી વિકાસ કંપનીને મૂડી સહાયઃ-**

રાજ્યમાં આંતરરાષ્ટ્રીય નાણાકીય શહેરની સ્થાપના કરવા માટે ગુજરાત શહેરી વિકાસ કંપની દ્વારા ઈન્ફ્રાસ્ટ્રકચર લીઝીંગ એન્ડ ફાયનાન્સ સર્વીસીસ લીમીટેડ સાથે એમ.ઓ.યુ કરવામાં આવેલ છે અને રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૭ થી ગુજરાત આંતરરાષ્ટ્રીય નાણાકીય શહેરના પ્રોજેક્ટ(ગીફ્ટ)ને શરૂ કરવામાં આવેલ છે. ૨૦૨૧ માં કાર્યરત થનાર બિલ્ડીંગના આંતરમાળખાકીય કાર્ય માટે તથા ગિફ્ટ સીટીના વિકાસની પ્રક્રિયા અર્થે ગુજરાત શહેરી વિકાસ કંપની દ્વારા વિકાસ હક્કો લેવા અંગે તેમજ આ વિકાસ હક્કો સરકારી બોર્ડ, કોર્પોરેશન, કચેરીઓને ફાળવવા બાબતે પ્રથમ તબક્કે આંનુષાંગિક કાર્યવાહી હાથ ધરવાનું વિચારાયું છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ સદર હેઠળ રૂા. ૧૦૦૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂા. ૨૫૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**સ્ટેચ્યુ ઑફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળને સહાયક અનુદાનઃ-**

સ્ટેચ્યુ ઑફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળ અધિનિયમ, ૨૦૧૯ના અસરકારક અમલીકરણ માટે અને કેવડિયા ખાતે તેની આસપાસના વિસ્તારનો વિકાસ કરી પ્રવાસીઓને સલામત અને સુરક્ષિત પ્રવાસન પૂરૂ પાડવા માટે સ્ટેચ્યુ ઑફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સત્તામંડળની રચના કરવી ખૂબ જરૂરી છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ સદર હેઠળ રૂા. ૨૦૨૨૯.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂા. ૧૫૦૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**સંચાલન અને જાળવણી કરવા જી.એમ.આર.સી. કંપનીને સહાયક અનુદાનઃ-**

રાજ્યના વિવિધ શહેરોમાં રેલ આધારિત ઝડપી, વિશ્વસનીય, અનુકૂળ, કાર્યક્ષમ અને આધુનિક જાહેર પરિવહનની સ્થાપના, સંચાલન અને જાળવણી પ્રદાન કરવા માટેનો છે. જીએમઆરસી ને સંચાલન અને જાળવણી માટેનો ખર્ચ આવક કરતા વધારે થતો હોવાથી રોકડ ખોટ થઈ રહેલ હોઇ તે માટે જોગવાઇ કરવી જરૂરી છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ સદર હેઠળ રૂા. ૪૧૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂા. ૧૦૦૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**અંબાજી વિસ્તાર વિકાસ અને યાત્રાધામ પ્રવાસન સત્તામંડળને સહાયક અનુદાનઃ-**

અંબાજી વિસ્તાર વિકાસ અને યાત્રાધામ પ્રવાસન સત્તામંડળની રચના બાદ સત્તામંડળમાં વિકાસ યોજના, આંતરમાળખાકીય સુવિધાઓ, મહેકમ ખર્ચ, સત્તામંડળ માટે કચેરી વ્યવસ્થાપન, ભૌતિક સુવિધા, સેનીટેશન, વેસ્ટ મેનેજમેન્ટ સંબંધિત વિકાસ કાર્યો અને O & M વગેરેની તાંત્રિક અને વહીવટી કામગીરી માટેનું આયોજન છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ સદર હેઠળ રૂા. ૫૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪માટે રૂા. ૨૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**ગીફ્ટ સીટી ખાતે ફીનટેક હબ વિકસાવવા ગુજરાત શહેરી વિકાસ કંપનીને મૂડી સહાય /લોનઃ-**

ગીફ્ટ સીટી ખાતે ભારતના પ્રથમ ફિનટેક હબની સ્થાપના કરવામાં આવશે કે જે ફિનટેક ટેલેન્ટ પૂલ વિકસાવશે અને ગુજરાતને અગ્રણી આંતરરાષ્ટ્રીય ફિનટેક ગંતવ્ય સ્થાનમાં વિકસિત કરવાની સંભાવનાને વધારશે આથી ગિફ્ટસીટી ખાતે ફીનટેક હબ વિકસાવવા ગુજરાત શહેરી વિકાસ કંપનીને મૂડી સહાય તરીકે આપવાનું નક્કી કરેલ છે.

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે મૂડી સહાય માટે રૂા. ૧૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪ માટે મૂડી સહાય માટે રૂા. ૫૦૦૦.૦૦ લાખ તથા લોન માટે રૂા. ૧૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**સ્વચ્છ ભારત મિશન - સ્વચ્છ ભારત અભિયાનઃ-**

ભારત સરકાર દ્વારા વર્ષ ઓક્ટોબર ૨૦૧૪ થી "સ્વચ્છ ભારત મિશન"(SBM) ની જાહેરાત કરવામાં આવી છે. શહેરી વિસ્તારોમાં "સ્વચ્છ ભારત મિશન"(SBM)નાં "Sub-Mission" માટેની Draft Guidelines ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા ઓક્ટોબર-૨૦૧૪ માં બહાર પાડવામાં આવી છે. આ ગાઈડલાઈન મુજબ સ્વચ્છ ભારત મિશનનો સમયગાળો ૨ ઓક્ટોબર–૨૦૧૪ થી શરૂ કરી ૫ વર્ષ માટેનો રહેશે.

વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ આ મિશન હેઠળ દેશનાં બધા જ ૪૦૪૧ શહેરો/નગરોનો સમાવેશ કરવામાં આવશે.

આ મિશનનાં ઘટકો નીચે મુજબ છે.

(૧) વ્યકિતગત શૌચાલયો (House hold Toilets)

(૨) સામુહિક શૌચાલયો (Community Toilets)

(3) જાહેર શૌચાલયો (Public Toilets)

(૪) ઘન કચરાનું વ્યવસ્થાપન (Solid Waste Management)

(૫) IEC અને જન જાગૃતિ (Public Awareness & IEC Activity)

(૬) ક્ષમતા નિર્માણ અને A&OE (Capacity Building & Administrative & Office Expenses)

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માં રૂા.૧૯૪00.00 લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં રૂા. ૨૭30.00 લાખ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં રૂા.૪૪00.00 લાખની જોગવાઇ કરવામાં આવેલ હતી. જ્યારે વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂા.૨૪૫૫0.00 લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે. જે પૈકી અનુસૂચિત જાતિ પેટા યોજનામાં રૂા.3૫૫0.00 લાખ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં રૂા.૫૧૫0.00 લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

**રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન:-**

ભારત સરકારે તા.૨૪/0૯/૨0૧3 ની યાદીથી સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના પુનઃગઠિત થઈ રાજ્યની ૮ મહાનગરપાલિકાઓ અને 30 નગરપાલિકાઓમાં રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (NULM) તરીકે સપ્ટેમ્બર-૨0૧3 થી અમલમાં આવેલ છે. ત્યાર બાદ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૯/૧૧/૨0૧૬ ના ઠરાવ નં. એનએલએમ/૧0/ ૨0૧૬/૪૫૯૭૫૧/હ મુજબ તા.૧/૧૧/૨0૧૬ થી રાજ્યની ૮ મહાનગરપાલિકાઓ અને ૧૫૭ નગરપાલિકાઓનો ગુજરાત રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન (DAY-NULM) માં સમાવેશ કરેલ છે.

આ યોજનાનું અમલીકરણ એક લાખ અથવા એક લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં કરવાનો થાય છે. આ યોજનામાં વર્ષ ૨0૧૧ વસ્તી ગણતરીના આધારે સમાજિક આર્થિક રીતે પછાત ઉપલબ્ધ એવા લોકો, રાજ્ય સરકારશ્રી દ્વારા શોધી કાઢેલ ગરીબી રેખાથી નીચે જીવન જીવતા લોકોને આ યોજના અંતર્ગત લાભ આપવા માટે જણાવેલ છે.

આ મિશન નીચે દર્શાવેલાં મૂલ્યો અપનાવવા માગે છે.

**મુલ્યો :-**

૧. શહેરી ગરીબોની માલિકી અને તેમનો ઉત્પાદક સહયોગ તથા તમામ પ્રક્રિયાઓમાં તેઓની સંસ્થાઓ

૨. કાર્યક્રમની રૂપરેખા તૈયાર કરવામાં અને તેના અમલમાં પારદર્શિતા, જેમાં સંસ્થાઓ સ્થાપવા અને ક્ષમતાઓ વધુ સંગીન બનાવવાનો સમાવેશ થાય છે .

3. સરકારી પદાધિકારીઓ અને સમુદાયની જવાબદારી

૪. ઉદ્યોગો અને અન્ય હિત ધરાવતા લોકોની ભાગીદારી

૫. સમુદાયની આત્મ નિંભરતા, સ્વ -સહાય અને પરસ્પૂર સહાય

**વ્યૂહરચના :**

એનયુએલએમ નીચે મુજબની વ્યૂહરચના અપનાવશે.

૧. શહેરી ગરીબોની ક્ષમતા ઘડવી, તેઓની સંસ્થાઓ સ્થાપવી અને તેઓને પ્રત્યક્ષ રીતે સહાય કરીને, જીવનનિર્વાહ વિકાસ અને ગરીબી નિવારણ કાર્યક્રમોના અમલ સાથે સંકળાયેલાં તંત્રોને સંગીન બનાવવાં

૨. શહેરી ગરીબોના જીવન નિર્વાહ માટેના હાલના વિકલ્પોમાં વધારો કરવો.

૩. ઊભરી રહેલી શહેરી અર્થવ્યવસ્થાઓ થકી ઊભી થતી બજાઆધારિત નોકરી / રોજગારની તકોનો તેઓ લાભ લઈ શકે તે માટે તેઓની ક્ષમતાઓ ઘડવી

૪. શહેરી ગરીબો નાના ઉદ્યોગ સાહસો સ્થાપી શકે તે માટે તેમને વ્યકિતગત રીતે અને સામુહિકરીતે તાલીમ અને સહાય પૂરાં પાડવાં

૫. પાણી, સ્વચ્છતા, સુરક્ષા અને સલામતી જેવી પાયાની આધારમાળખાકી સુવિધાઓ સહિત કાયમી આશ્રયો ઘરવિહોણા શહેરી લોકોને ઉપલબ્ધ બને તે સુનિશ્ચિત કરવું.

૬. ઘરવિહોણા લોકોમાં પણ આશ્રિત બાળકો, વૃધ્ધો, વિકલાંગો, મનોરોગીઓ અને માંદગીમાંથી બેઠા થઈ રહેલાં લોકોનો એક વિશિષ્ટ વર્ગ ઊભો કરીને તેઓની ખાસ જરૂરિયાતો પૂરી કરવી.

૭. ઘરવિહોણા શહેરી લોકોના અન્નના અધિકાર, સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવાના અધિકાર, શિક્ષણાધિકાર સંતોષાય એ માટે સબળ સંપર્કો સ્થાપવા અને તે માટે સામાજિક સુરક્ષા પેન્શનો, જાહેર વિતરણ પ્રણાલી, સંકલિત બાળ વિકાસ યોજના, સ્તનપાન કાર્યક્રમ, પીવાના પાણી, સ્વચ્છતા, નાણાકીય સમાવેશ, શાળા પ્રવેશ, પરવડે તેવાં આવાસોની વ્યવસ્થા ઊભી કરવી.

૮. ઘરવિહોણા શહેરી ફેરિયાઓને યોગ્ય જગ્યાઓ, સંસ્થાગત ધિરાણ, સામાજિક સુરક્ષા અને કૌશલો સુલભ બનાવી તેઓને બજારમાં ઊભી થતી તકોનો લાભ લેતાં કરવા અને એ રીતે તેમના જીવનનિર્વાહ ની સમસ્યાઓનો ઉપાય કરવો.

રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનના મુખ્ય ઘટકો નીચે મુજબ છે.

૧. કૌશલ્ય તાલીમ મારફત રોજગારી આપવી. (ઇ.એસ.ટી.એન્ડ.પી.)

૨. સ્વ-રોજગાર કાર્યક્રમ. (એસ.ઇ.પી)

૩. શહેરી શેરી-ફેરિયાઓને સહાય. (એસ.યુ.એચ.)

૪. ઘર વિહોણા શહેરીજનો માટે આશ્રયની ઓજના.(એસ.એસ.યુ.એચ)

૫. સામાજિક અને સંસ્થાકીય વિકાસ (એસ.એમ.એન્ડ.આઇ.ડી.)

૬. ક્ષમતા નિર્માણ અને તાલીમ(સી.બી.એન્ડ ટી.)

આ યોજના માટે વર્ષ ૨૦૨૨-૨૩ માટે આયોજન સદર હેઠળ રૂ. ૧૬૩૦૦.૦૦ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે. જે પૈકી અનુસુચિત જન જાતિ પેટા યોજનામાં રૂ. ૪૧૦૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ. જયારે આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં રૂ. ૨૨૦૦.૦૦ લાખની જોગવાઇ કરવમાં આવેલ હતી. જયારે વર્ષ ૨૦૨૩-૨૪ માટે . ૮૭૧૯.૦૦ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે. જે પૈકી અનુસુચિત જાતિ પેટા યોજનામાં રૂ. ૨૧૮૦.૦૦ લાખ અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં . ૧૬૩૧.૦૦ લાખની જોગવાઇ સુચવવામાં આવેલ છે.

INDEX

**ભાગ-૨**

**નાણાકીય જરૂરીયાત**

**(ક) કાર્યક્રમ અને પ્રવૃત્તિવાર વર્ગીકરણ**

**શહેરી વિકાસ**

(રૂપિયા લાખમાં)

| ક્રમ | કાર્યક્રમ/પ્રવૃત્તિવાર વર્ગીકરણ | સને ૨૦૨૧-૨૦૨૨ નો હિસાબ | સને ૨૦૨૨-૨૦૨૩ નો અંદાજ | સને ૨૦૨૨-૨૦૨૩ નો સુધારેલ અંદાજ | સને ૨૦૨૩-૨૦૨૪ નો અંદાજ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | નિર્દેશ અને વહીવટ | ૬૦૮૧.૨૯ | ૧૩૫૯૯.૭૭ | ૧૧૩૮૭.૯૨ | ૧૦૫૮૧.૮૧ |
| ૨ | જાહેર ક્ષેત્ર અને અન્ય સંસ્થાઓને સહાય/રોકાણ | ૪૬૨૮૦.00 | ૫૮૩૫૫.00 | ૫૮૩૫૨.00 | ૭૪૩૨૨૩.૦૫ |
| ૩ | મહાનગરપાલિકાને સહાય | ૫૫૧૯૫૦.૯૫ | ૬૪૧૦૧૭.૪૯ | ૭૬૪૬૯૦.૬૪ | ૪૪૬૯૩૬.03 |
| ૪ | નગરપાલિકાઓ/નગરપાલિકા સમિતિ વગેરેને સહાય | ૨૧૭૮૧૫.૧૭ | ૨૭૯૦૮૮.૯૨ | ૩૨૪૨૧૫.૯૬ | ૨૧૧૪૬૩.૩૬ |
| ૫ | શહેરી વિકાસ/વિસ્તાર સત્તામંડળોને સહાય | ૩૨૮૯૩.૩૨ | ૩૧૨૮૩.૬૪ | ૨૭૦૯૪.૭૪ | ૧૫૫૦૧.00 |
| ૬ | શહેરી વિકાસ માટે લોન | ૨૯૭૯૦.૨૫ | ૩૫૪૦૦.00 | ૩૫૩૦૦.00 | ૪૭૦૪૯.00 |
| ૭ | શહેરી વિકાસ પ્રાયોજનાઓ | ૩૪.૮૩ | ૮૪.૦૨ | ૫૦.૭૫ | ૬૫.૭૧ |
| ૮ | પાણી પુરવઠો અને સ્વચ્છતા | ૯૪૯.૩૩ | ૧૨૨૭૦.00 | ૨૯૮૪૧.૧૩ | ૧૫૮૫૦.00 |

INDEX

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૯ | સામાન્ય શિક્ષણ | ૨૨૫00.00<br>3000.00<br>(બી) | ૨૬૭00.00<br>3000.00<br>(બી) | ૩૫૪00.00<br>3000.00<br>(બી) | ૨૬૭00.00<br>3000.00<br>(બી) |
| ૧૦ | સ્થાનિક સંસ્થાઓ તેમજ પંચાયત સેવાઓ, વળતર અને સોંપણી | ૮00.00 | ૮૨0.00 | ૮૨0.00 | ૮૨0.00 |
| ૧૧ | અન્ય સામાન્ય આર્થિક સેવાઓ | ૧૩૫૪૮.૨૩ | ૧0૫૭0.૯૩ | ૩૯૨૨.૧૬ | ૫000.૨૬ |
| ૧૨ | પરિસ્થિતિ વિજ્ઞાન અને પર્યાવરણ | ૧૪૪૨૨.00 | ૧૯૮૮૯.૭૬ | ૨૨૩૧૬.૭૬ | ૧૮૯0૫.૮૨ |
| ૧૩ | અન્ય ખર્ચ | ૧૧.૮૭ | - | - | - |
| | **સરવાળોઃ-** | **૯૩૭0૭૭.૨૪**<br>**3000.00**<br>**(બી)** | **૧૧૨૯0૭૯.૫૩**<br>**3000.00 (બી)** | **૧૩૧૩૩૯૨.0૬**<br>**3000.00**<br>**(બી)** | **૧૫૪૧૭૮૩.૮૯**<br>**3000.00**<br>**(બી)** |

(બી) બીનમતપાત્ર

INDEX

# ભાગ-૨
# નાણાકીય સાધનો
## (ખ) ઉદ્દેશવાર વર્ગીકરણ
## શહેરી વિકાસ

(રૂપિયા લાખમાં)

| ક્રમ | ઉદ્દેશ | સને ૨૦૨૧-૨૦૨૨ નો હિસાબ | સને ૨૦૨૨-૨૦૨૩ નો અંદાજ | સને ૨૦૨૨-૨૦૨૩ નો સુધારેલ અંદાજ | સને ૨૦૨૩-૨૦૨૪ નો અંદાજ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અધિકારીઓનો પગાર | ૧૪૭૭.૩૫ | ૨૨૯૪.૬૨ | | ૨૧૮૩.૭૦ |
| ૨ | કર્મચારીઓનો પગાર | ૧૮૩૮.૪૦ | ૫૨૮૩.૩૧ | | ૨૪૨૭.૪૨ |
| ૩ | મોંઘવારી ભથ્થું | ૬૮૯.૧૦ | ૧૭૧૮.૯૫ | | ૧૪૨૪.૦૧ |
| ૪ | અન્ય ખર્ચ | ૮.૨૭ | ૪.૩૬ | | ૧૨.૯૨ |
| ૫ | રજા પ્રવાસ રાહત | ૨.૬૮ | ૪૫.૮૬ | | ૧૩.૨૦ |
| ૬ | તબીબી ખર્ચની ભરપાઈ | ૧.૦૭ | ૪૨.૮૧ | | ૧૨.૧૦ |
| ૭ | તબીબી ભથ્થું | ૧૪.૫૭ | ૪૭.૯૬ | | ૫૭.૮૭ |
| ૮ | બોનસ | ૧.૭૪ | ૩.૧૨ | | ૪.૩૪ |
| ૯ | રજાનું રોકડમાં રૂપાંતર | ૩૦૦.૪૭ | ૩૩૮.૭૮ | | ૪૨૯.૦૦ |
| ૧૦ | ઘરભાડા ભથ્થું | ૧૫૭.૩૩ | ૪૦૬.૨૬ | | ૫૨૯.૦૬ |
| ૧૧ | સ્થાનિક વળતર ભથ્થું | ૮.૯૨ | ૩૬.૧૩ | | ૧૮.૪૦ |
| ૧૨ | વાહન ભથ્થું | ૪૪.૨૧ | ૯૭.૩૪ | | ૧૬૦.૧૨ |
| ૧૩ | આર.ઓ.પી.એરિયર્સ (રાજયપત્રિત) | ૧.૧૬ | ૨૪.૫૦ | ૧૧૩૮૭.૯૨ | ૧.૪૦ |
| ૧૪ | આર.ઓ.પી.એરિયર્સ (બિન રાજયપત્રિત) | ૦.૯૧ | ૩૮.૦૦ | | ૧.૪૦ |
| ૧૫ | મોંઘવારી પગાર (રાજયપત્રિત) | - | ૪.૦૦ | | - |
| ૧૬ | મોંઘવારી પગાર (બિન રાજયપત્રિત) | - | ૫.૨૦ | | - |
| ૧૭ | વેતન | ૧.૫૭ | ૧૦૬.૧૦ | | ૧૦૫.૪૦ |
| ૧૮ | ઉચ્ચક નાણાકીય સહાય | ૨૪.૦૦ | ૧૯.૦૦ | | ૩૪.૦૦ |
| ૧૯ | પ્રવાસ ખર્ચ | ૨૪.૭૪ | ૫૪.૫૨ | | ૩૧.૦૦ |
| ૨૦ | કચેરી ખર્ચ | ૩૯૧.૮૬ | ૧૧૬૬.૨૪ | | ૧૧૮૪.૦૫ |
| ૨૧ | ભાડા,દર અને કર | ૨૪.૧૭ | ૬૦.૪૮ | | ૨૮.૯૪ |
| ૨૨ | જાહેર ખબર અને જાહેરાત | ૫.૬૭ | ૧૫૮.૪૫ | | ૬૨.૮૧ |
| ૨૩ | વ્યાવસાયિક સેવાઓ | ૧૨૨.૪૧ | ૧૨૦.૩૦ | | ૬૧૩.૦૧ |
| ૨૪ | આઉટ સોર્સીંગ સેવાઓ | ૪૯૩.૫૬ | ૯૭૨.૮૮ | | ૭૪૬.૬૬ |
| ૨૫ | સહાયક અનુદાન | ૨૭૯.૧૪ | ૫૦૦.૦૦ | | ૫૦૧.૦૦ |
| ૨૬ | મોટર વાહનો | ૧૬૭.૯૯ | ૫૦.૦૦ | | - |

INDEX

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| ૨૮ | શિક્ષણ ઉપકર | ૨૨૫00.00<br>3000.00 (બી) | ૨૬૭00.00<br>3000.00 (બી) | ૩૫૪00.00<br>3000.00 (બી) | ૨૬૭00.00<br>3000.00 (બી) |
| ૨૯ | સહાયક ગ્રાન્ટ/ફાળા<br>(ક) સ્થાનિક સંસ્થાઓને | ૮૩૯૪૭૫.૭0 | ૧000૭૨૮.૭૬ | ૧૧૭૮૬૫૪.૧૪ | ૭૨૬0૪૪.૧૮ |
| 30 | લોન/રોકાણ<br>(અ) સ્થાનિક સંસ્થાઓને | ૬૯0૨0.૨૫ | ૮૮0૫૧.00 | ૮૭૯૫0.00 | ૭૭૮૪૫૭.૯0 |
| | **સરવાળોઃ-** | **૯૩૭0૭૭.૨૪**<br>**3000.00**<br>**(બી)** | **૧૧૨૯0૭૯.૫૩**<br>**3000.00**<br>**(બી)** | **૧૩૧૩૩૯૨.0૬**<br>**3000.00**<br>**(બી)** | **૧૫૪૧૭૯૩.૮૯**<br>**3000.00**<br>**(બી)** |

(બી) બીનમતપાત્ર

INDEX

# ભાગ-૩
## નાણાકીય જરૂરીયાત
## (ગ) કાર્યક્રમ અને પ્રવૃત્તિવાર વર્ગીકરણ
## શહેરી વિકાસ

(રૂપિયા લાખમાં)

| ક્રમ | કાર્યક્રમ/પ્રવૃત્તિવાર વર્ગીકરણ | સને ૨૦૨૧-૨૦૨૨ નો હિસાબ | સને ૨૦૨૨-૨૦૨૩ નો અંદાજ | સને ૨૦૨૨-૨૦૨૩ નો સુધારેલ અંદાજ | સને ૨૦૨૩-૨૦૨૪ નો અંદાજ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૦૨ | ૨૨૧૫-પાણી પુરવઠો અને સ્વચ્છતા | ૯૪૯.૩૩ | ૧૨૨૭૦.૦૦ | ૨૯૮૪૧.૧૩ | ૧૫૮૫૦.૦૦ |
| ૧૦૨ | ૨૨૧૭-શહેરી વિકાસ | ૮૧૫૭૯૦.૯૦ | ૯૭૦૬૯૩.૮૨ | ૧૧૩૩૦૯૧.૨૬ | ૬૯૫૯૮૪.૨૦ |
| ૧૦૨ | ૩૪૩૫- પરિસ્થિતિ વિજ્ઞાન અને પર્યાવરણ | ૧૪૪૨૨.૦૦ | ૧૯૮૮૯.૭૬ | ૨૨૩૧૬.૭૬ | ૧૮૯૦૫.૮૨ |
| ૧૦૨ | ૩૪૭૫-અન્ય સામાન્ય આર્થિક સેવાઓ | ૧૩૫૪૮.૨૩ | ૧૦૫૭૦.૯૩ | ૩૯૨૨.૧૬ | ૫૦૦૦.૨૬ |
| ૧૦૨ | ૪૨૧૭-શહેરી વિકાસ અંગે મૂડી ખર્ચ જોગવાઇ | ૩૯૨૩૦.૦૦ | ૫૨૬૫૧.૦૦ | ૫૨૬૫૦.૦૦ | ૭૩૧૪૦૮.૯૦ |
| ૧૦૨ | ૬૨૧૭-શહેરી વિકાસ માટે લોન | ૨૯૭૯૦.૨૫ | ૩૫૪૦૦.૦૦ | ૩૫૩૦૦.૦૦ | ૪૭૦૪૯.૦૦ |
| ૧૦૩ | ૨૨૦૨- સામાન્ય શિક્ષણ | ૨૨૫૦૦.૦૦<br>૩૦૦૦.૦૦ (બી) | ૨૬૭૦૦.૦૦<br>૩૦૦૦.૦૦ (બી) | ૩૫૪૦૦.૦૦<br>૩૦૦૦.૦૦ (બી) | ૨૬૭૦૦.૦૦<br>૩૦૦૦.૦૦ (બી) |
| ૧૦૩ | ૩૬૦૪- સ્થાનિક સંસ્થાઓ અને પંચાયતી રાજ સંસ્થાઓને વળતર અને સોંપણી | ૮૦૦.૦૦ | ૮૨૦.૦૦ | ૮૨૦.૦૦ | ૮૨૦.૦૦ |
| ૧૦૪ | ૨૦૭૦-અન્ય વહીવટીસેવાઓ | ૧૧.૮૭ | - | - | - |
| ૧૦૪ | ૨૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ | ૩૪.૮૩ | ૮૪.૦૨ | ૫૦.૭૫ | ૬૫.૭૧ |
| | સરવાળોઃ- | ૯૩૭૦૭૭.૨૪<br>3000.00<br>(બી) | ૧૧૨૯૦૭૯.૫૩<br>3000.00<br>(બી) | ૧૩૧૩૩૯૨.૦૬<br>3000.00<br>(બી) | ૧૫૪૧૭૮૩.૮૯<br>3000.00<br>(બી) |

(બી) બીનમતપાત્ર

## ભાગ-૩
## નાણાકીય જરૂરિયાતોની સમજુતિ
## શહેરી વિકાસ

### (ક) નિર્દેશ અને વહીવટઃ-

**(રૂા.લાખમાં)**

| ૨૦૨૧-૨૦૨૨ નો હિસાબ | ૨૦૨૨-૨૦૨૩ નો અંદાજ | ૨૦૨૨-૨૦૨૩ નો સુધારેલ અંદાજ | ૨૦૨૩-૨૦૨૪ નો અંદાજ |
|---|---|---|---|
| ૬૦૮૧.૪૭ | ૧૩૫૯૯.૭૭ | ૧૧૩૮૭.૯૨ | ૧૦૫૮૧.૮૧ |

કમિશ્નરશ્રી, નગરપાલિકાઓનું વહીવટી તંત્રની કચેરી, પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ, મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી, નિયામકશ્રી, અગ્નિશમન સેવાઓની કચેરી તેમજ વિશ્વબેંક પરિયોજના હેઠળ દેખરેખ એકમના કર્મચારી વર્ગના પગાર ભથ્થા અંગેનું ખર્ચ તેમજ પ્રવાસ અને કચેરી ખર્ચ આ જોગવાઈ હેઠળ આવરી લેવામાં આવ્યું છે.

### (ખ) શહેર સમુહ વિકાસ પ્રાયોજનાઃ-

**(રૂા.લાખમાં)**

| ૨૦૨૧-૨૦૨૨ નો હિસાબ | ૨૦૨૨-૨૦૨૩ નો અંદાજ | ૨૦૨૨-૨૦૨૩ નો સુધારેલ અંદાજ | ૨૦૨૩-૨૦૨૪ નો અંદાજ |
|---|---|---|---|
| ૩૪.૮૩ | ૮૪.૦૨ | ૫૦.૭૫ | ૬૫.૭૧ |

શહેર સમુહ વિકાસ પ્રાયોજના માટેની યોજનાઓ અંગેનું ખર્ચ આ સદર હેઠળ આવરી લેવામાં આવે છે. જે સામાજિક સુમેળ વ્યકિત વિકાસ લોકશાહી ભાવના અને નાગરિક સભાનતા વગેરેની ભાવના ખીલવવા માટે છે, જે ૧૯૬૬ ની શરૂ કરવામાં આવી છે.

### (ગ) પ્રાદેશિક નકશા, વિકાસ નકશા તૈયાર કરવા અને નગર આયોજન યોજના તૈયાર કરવાઃ-

**(રૂા.લાખમાં)**

| ૨૦૨૧-૨૦૨૨ નો હિસાબ | ૨૦૨૨-૨૦૨૩ નો અંદાજ | ૨૦૨૨-૨૦૨૩ નો સુધારેલ અંદાજ | ૨૦૨૩-૨૦૨૪ નો અંદાજ |
|---|---|---|---|
| ૩૮૫.૩૧ | ૫૪૫.૦૮ | ૫૨૪.૨૮ | ૫૭૯.૪૫ |

આ યોજના નીચે આ ખાતાનું મેન્યુઅલ તૈયાર કરવાનું છે. સને ૧૯૮૧-૮૨ ના વર્ષની શરૂઆતમાં પુરેપુરા સ્ટાફથી શરૂઆત કરવામાં આવી છે. આ મેન્યુઅલ તૈયાર થઈ રહેલ છે.

આ ઉપરાંત આ યોજના હેઠળ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ કે જેમની પાસે ટેકનિકલ સ્ટાફ નથી તેમને માટે વિકાસ યોજનાઓ અને નગર રચના યોજનાઓ તૈયાર કરવામાં આવે છે. દર વર્ષે કુલ ૧૫ વિકાસ યોજનાઓ

તેમજ મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. સને ૨૦૨૨-૨૦૨૩ દરમિયાન આ યોજનાઓ તૈયાર કરવાની કાર્યવાહી ચાલુ રાખવામાં આવનાર છે.

**(ઘ) મુખ્ય નગર નિયોજકશ્રીની કચેરી તથા નગર આયોજન અને મુલ્યાંકન ખાતાની વિભાગીય કચેરીઓનો કર્મચારી વર્ગનો સારાંશ નીચે મુજબ છે.**

| | | તા.૧-૧૦-૨૦૨૦ ના રોજ | તા.૧-૧૦-૨૦૨૧ ના રોજ | તા.૧-૧૦-૨૦૨૨ ના રોજ |
|---|---|---|---|---|
| (૧) | અધિકારીઓ | ૧૫૦ | ૧૮૦ | ૧૭૨ |
| (૨) | કર્મચારી વર્ગ | ૯૧૨ | ૪૬૭ | ૩૮૮ |
| **સરવાળો** | | **૧૦૬૨** | **૬૪૭** | **૫૬૦** |

